॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્ગુરૂભ્યો નમઃ ॥

ૐ

# ॥ વેદ રહસ્ય ॥




**ગુરૂર્બ્રહ્મા ગુરૂર્વિષ્ણુર્ગુરૂર્દેવો મહેશ્વરઃ;**
**ગુરૂ સાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ.**

વર્ષ ૩૭ સંવત ૨૦૭૧ અધીક અષાઢ, જુલાઈ – ૨૦૧૫, અંક – ૭



પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૦૯મો નિર્વાણ જયંતિ મહોત્સવ
પીપળીયા ગામમાં તા. ૧૯-૧૨-૧૯૮૯ પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની
અધ્યક્ષતામાં ધામધુમથી ઉજવાયો હતો.

**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય




સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ: ૩૭ / જુલાઈ-૨૦૧૫ / અંક-૭


## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્ — કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | ૧૫ મો નિર્વાણ.... — તંત્રી સ્થાનેથી... |
| ૧૬ | નિર્મલ નેત્ર — બ્ર.શ્રી હરીશાનંદજી |
| ૧૭ | સુઅવસર — રમીલાબેન ગોરધનભાઈ ગાબાણી (પીપળીયા) |
| ૧૮ | સત્સંગમાં જતા પહેલા... — એલ. જે. સોનાણી (ચકમપર) |
| ૧૯ | અધિકસ્ય અધિક ફલં — વસનબેન ભગવાનભાઈ ભરોડિયા (પાલડી) |
| ૨૦ | આમંત્રણ પત્રિકા — તંત્રી સ્થાનેથી.... |
| ૨૧ | સત્સંગ સમાચાર — સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર — સંકલિત |


જય સચ્ચિદાનંદ
ૐ

## આત્મષટક સ્ત્રોતમ્

*अहं निर्विकल्पो निराकाररूपो*
*विभुर्व्याप्य सर्वत्र सर्वेन्द्रियाणि ।*
*सदा मे समत्वं न मुक्तिर्न बंध*
*चिदानंदरूपः शिवोऽहम् शिवोऽहम् ।।६।।*

### શ્લોકાર્થ

*હું આત્મા નિર્વિકલ્પ નિરાકાર રૂપ વિભુ છું (વ્યાપક છું) અને સર્વ સ્થાન પર સર્વે ઈન્દ્રિયોમાં વ્યાપ્ત થઈને રહું છું. મારામાં સદા સમતા છે. મારી મુક્તિ નથી તથા મને બંધન પણ નથી હું તો ચિદાનંદ રૂપ શિવ છું શિવ છું.*


**: માધવ પીઠાધિપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત-૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય


વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૬ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.:- (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

સંકલન કર્ત્રી :- કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

**પ્રભુ છોડી પૈસામાં ધાયો,**
**દુનિયામાં કહેવાયો ડાહ્યો,**
**ખોટું ડહાપણ ખવરાવશે માર,**
**ભજનમાં આવો નરને નાર.**
**જીવનનો કરવા બેડો પાર,**
**ભજનમાં આવો નરને નાર.**
**આ જીવન તારું છે એવું, પાણીના પરપોટા જેવું,**
**પરપોટો પલમાં ફુટનાર,**
**ભજનમાં આવો નરને નાર.**
**જીવન તારું જાતું રહેશે,**
**કરવાનું બાકી રહી જાશે,**
**માટે વ્હેલો કરો વિચાર,**
**ભજનમાં આવો નરને નાર.**
**માયા તુજને લાગે પ્યારી,**
**અન્તે એ તો રહેશે ન્યારી,**
**જલદી છોડી એનો પ્યાર,**
**ભજનમાં આવો નરને નાર.**
**મેડી મન્દિર માલ ખજાના,**
**મેલી ચાલ્યા મોટા રાજા,**
**પડયા છે ખાલી ઘરને બાર,**
**ભજનમાં આવો નરને નાર.**
**અખંડ આનંદમાં રહેવા માટે,**
**જીવન ઝગમગ કરવા માટે,**
**થાવા માટે ભવથી પાર,**
**ભજનમાં આવો નરને નાર.**

હવે, ધ્યાનથી યાદ રાખો **विविनक्ति धीराः** બંનેનો વિવેક કરે. એ વિવેક જ્ઞાનની અંદર ધ્યાનથી યાદ રાખો કે પરમાત્મા પૂર્ણ છે અને જગતના પ્રેય માર્ગના પદાર્થો અધુરા છે. એ મરશો ત્યારે પડયા રહેશે. એટલું જ નહીં તમને પૂર્ણ નહીં મળે. અત્યારે મળશે તો સાંજે નહીં મળે, સાંજે મળશે તો સવારે નહીં મળે સવારે મળશે તો બપોરે નહીં મળે અને પરમાત્મા ચોવિસો કલાક હાજર છે છે ને છે. પરમાત્માનો આનંદ જીવતાં ય મળે ને મર્યા પછી ય મળે. પછી જન્મ નય, મરણ નય, દુઃખ નય એટલે પરમાત્માનું સુખ લેવાવાળાને તો દુઃખ કોઈ દિ'નો આવે અને પરમાત્માનો આનંદ તમે લ્યો અને બીજાને ગમે એટલો ઘો તોય ખૂટતો નથી. જયારે વિષય પદાર્થો ભોગ જે પ્યારા પદાર્થો છે એ તો જેટલા વાપરશો તેટલા ઓછા થઈ જાય છે. એટલા માટે એમાં ઈર્ષા થાય કે આ મારા કરતાં વધારે ભોગવે છે. હું ઓછા ભોગવું છું એમાં રાગ-દ્વેષ ઈર્ષા-અદેખાય અનેક દુઃખોમાં નાખવાવાળા પ્રેય પદાર્થો જગતના પદાર્થો છે. જયારે પરમાત્માનો આનંદ એક સરખો છે. આખી દુનિયા જો એક સાથે લેને તોય ઓછો થતો નથી. એ તો જેમ જગતના પુત્ર, પત્ની, ધન કોઈને ઓછા મળે ને કોઈને ઝાઝા મળે એટલે રાગ-દ્વેષ થાય. ઈર્ષા-અદેખાય થાય આને ઝાઝું છે ને મારે ઓછું છે અને જયારે બ્રહ્માનંદ બધાને એક સરખો મળે છે. પરમાત્મા બધે એક સરખા છે કયાંય ઓછાય નથી ને કયાંય ઝાઝાય નથી. ઝાઝા ઓછા સમજે એ મુર્ખ છે. અજ્ઞાની છે. પરમાત્મા પૂર્ણ છે અખંડ છે વ્યાપક છે એટલા માટે ભગવાને કહ્યું-

**''समोऽहं सर्वभूतेषु''**

કે સર્વભૂતોમાં હું સમાન રીતે રહેલો છું એટલા માટે પરમાત્મા સમાન છે.

**निर्दोषं हि समं ब्रह्म, तस्माद् ब्रह्मणि ते स्थिता: ॥**
(ગીતા-અ-૫-૧૯)

તમામ (સમાન) જે ભાવે નિર્દોષ છે જેમાં રાગ નહીં, દ્વેષ નહીં, વધવું નહીં, ઘટવું નહીં, ઉતરવું નહીં, ચોરાય નહીં, લૂંટાય નહીં.

**ખરચે ન ખૂટે વાં કે ચોર ન લૂંટે,**
**દિન દિન બઢત સવાયો,**
**પાયોજી મૈં ને રામ રતન ધન પાયો.**
**જનમ જનમ કી પૂંજી પાઈ,**
**જગ મેં સભી સે ખોવાયો, પાયોજી...**
**સત્ય કી નાવ ખેવટીયા સદ્‌ગુરુ,**
**ભવસાગર તટ આયો, પાયોજી...**
**મીરાં કે પ્રભુ ગીરધર નાગર,**
**હરખ હરખ જશ ગાયો, પાયોજી...**
(મીરાંબાઈ)

એક તરફ પૂર્ણ અને બીજી તરફ અધુરું એ ધ્યાનથી યાદ રાખો કે એ બેયમાં જગતના પદાર્થો અધૂરા છે ને પરમાત્મા પૂર્ણ છે અને એક પરમાત્મા જ હંમેશા મળેલા છે. જયારે વિષયો મેળવવાના છે. ધ્યાનથી યાદ રાખો કે વિષયો મેળવવાના છે જયારે પરમાત્મા તો બધાની અંદર મળેલા છે છે ને છે. પરમાત્માનો આનંદ અખંડ છે એ કોઈ દિ' બીમાર પડતા નથી ઓછા ઝાઝા થતા નથી. જયારે વિષયો તો આજ છે ને કાલે વયા જશે અને આજ ગમે છે તો કાલે નહીં પણ ગમે કે આજ તમને ભોગો બહું સારા લાગે કે આજ ભોજન તમને બહું સારું લાગ્યું અને તમે એના ભોગી બની ગયા. એમ જેટલા વિષયો છે ને એ થોડા ટાઈમ સુખ આપે અને પાછળથી દુ:ખ આપે અને જીવતાય સુખ આપે તો એની વાસના રહી જાયને તો પછી પણ -

**પુનરપિ જનનં પુનરપિ મરણં**
**પુનરપિ જનની જઠરે શયનમ્.**

હંમેશા સુખ દેવાવાળા વિષયો નથી એટલા માટે આચાર્યો કહે છે કે-

**વિષાદ્વિયં કિં વિષયાઃ સમસ્તાઃ**

ઝેરથી પણ વધારે ઝેર શું છે ? કે વિષયો વધારે ઝેર છે કેમ કે વિષયો ભોગવવાવાળા વાર વાર જન્મે ને વાર વાર મરે.

**વિષય ભૂતે તે તુજને ભમાવીઓ,**
**તું તો બેઠો નહીં ઠરી ઠામ,**
**અવસર આવો નહીં મળે,**
**ખોટા ખેલમાં શું રે ખૂંચી રહ્યો,**
**ઉઠ આળસ મેલ અચેત,**
**અવસર આવો નહીં મળે.**
(સ્વામી પ્રિતમદાસજી)

**''ઉઠ આળસ મેલ અચેત અવસર આવો નહીં મળે''** તો ધ્યાનથી યાદ રાખો એટલા માટે કહે છે કે ધીર પુરુષોએ વિવેક કરવો અને પછી **''श्रेयो हि धीरोऽभि प्रेयसो वृणीते''** એટલે ધીર પુરુષ હોય એ શ્રેયને વરણ કરે છે અને

**प्रेयो मन्दो योगक्षेमाद्वृणीते ।**

હવે, ધ્યાનથી યાદ રાખો કે તમારે મંદ બુદ્ધિમાં ગણાવું છે કે સારી બુદ્ધિમાં, ધીર વીર ગંભીર ગણાવું છે ? તો હોશીયાર તો સૌ ગણાવા માંગે, કોઈ એમ પોતાને નબળો માનવા તૈયાર નથી પણ છતાં નબળું લે છે. તો નબળું લે એ શેમાં ગણાય ? બોલો. કોઈ હીરા બજારનો ધંધો છોડીને કોલસાનો ધંધો કરશે એ કેવો ગણાશે ? બોલો. ભલે પૈસા થોડા વધારે મળે. કોઈ શાહુકાર એનો ધંધો છોડીને ચોરીનો ધંધો કરે એ શેમાં ગણાય ? ભલે મોટો પૈસાવાળો થઈ જાય. પણ ગણતરી શેમાં થાય ? ચોરમાં થાય અને ગમે ત્યારે એને એક દિ' જેલમાં ગયા વિના છૂટકો નથી. ભલે બહાર ચોરી નથી કરતો પણ સરકારની જે દાણચોરી કરને એનેય કયારેક કયારેક જેલ જોવી પડે છે. જોવી પડે કે નય ? પોતે કમાય ને સરકારને ટેક્સ નથી ભરતો તોય જેલ જોવી પડે છે કેમ કે એય એક પ્રકારની ભુલ તો કરે જ છે. ચોરી તો કરે છે. ભલે બહારની નહીં તો અંદરની એટલા માટે સરકારી ચોરી કરવાવાળાને પણ જેલ જોવી પડે છે તો પછી બીજી ચોરી કરવાવાળાને જોવી પડે એમાં શું કે'વાનું ?

એમ જે લોકો સત્યને છોડીને અસત્યને લે છે એને રોયા વિના છૂટકો નથી. શું કર્યા વિના ? બોલો ? એટલે શ્રુતિ એમ કહે છે કે-

**आत्मानं अर्न्य प्रियं....**
**................ ष्यति।**

કે પરમાત્મા સિવાયના બીજામાં પ્રેમ કરશો તો એકવાર એ તમને રોવરાવશે. શું કામ રોવરાવે ? કે વયા જશે. વયા જશે ત્યારે રોયા વિના છૂટકો નથી. બધાને નહીં થાય. જેને પ્રેમ હશે એની વાત છે. જેને પ્રેમ નહીં હોય એને તો-

**ભલું થયું ભાંગી જંજાળ–**
**સુખે ભજશું શ્રી ગોપાળ,**
(નરસિંહ મહેતા)

તો જેને પ્રેમ નથી મોહ નથી એને તો ભલું થયું કે ગયા તો ભલે ગયા આપણે આ બંધન ઓછું થયું ભગવાનનું ભજન એટલું વધારે કરશું. જેને મોહ છે એને રોયા વિના છૂટકો નથી.

**દ્રષ્ટાંત :–** જેમ બીડી પીતો હોયને પછી નો મળે ત્યારે

શું થાય ? બોલો. તમે નથી પીતા, તમને કંઈ થાય છે ? પેલાને બે કલાક નો મળી હોય તો ? હમણે જો 'ચા' ના બંધાણી હશે ને કથા કલાક વધારે ચાલશે ને તો ઊભા થઈને ભાગવા લાગશે અને જેને બંધાણ ન હોય એને કાય નય. કથા કલાક ઓછી હાલી તોય ભલે ને ઝાઝી હાલી તોય ભલે. એમ જેને આ વિષયની વાસના હોય છે ને ભોગોની એને એક બે ગુણ ઓછા મળ્યા હોય ને તો અનેક પ્રકારની અશાંતિ ઊભી થાય વિષયો તો કોઈને પૂરા મળ્યા નથી ને મળશે નહીં અને એ વખતે તમારે અકળાવું પડશે દુઃખી થવું પડશે. જ્યારે પરમાત્મા તો કોઈ દિ' ઓછા થતા જ નથી. કોઈ દિ' ચોરાતા નથી. કોઈ દિ' લુંટાતા નથી. બગડતા નથી. હંમેશા ચોવીસો કલાક જાગતાને જીવતા છે છે ને છે. એટલા માટે પરમાત્માનો આનંદ લેવાવાળાને કોઈ દિ' દુઃખ નહીં ને જગતનું સુખ લેવા વાળાને થોડો ટાઈમ સુખ ને આગળ પાછું દુઃખ દુઃખ ને દુઃખ જો કે આચાર્ય તો ત્યાં સુધી કહે છે લખે છે કે-

**''દુઃખી સદા કો વિષયાનું રાગી ।''**

(મણીરત્ન માળા)

કે સદાય દુઃખી હોય, થોડોક ટાઈમ નહીં. થોડો ટાઈમ સુખ એને ગણે છે સુખ માને છે પણ વાસ્તવિક રીતે એ દુઃખી છે કે વિષય ભોગવવામાં પણ જીવની શક્તિ ઘટી જાય છે. પણ છતાંય પોતાને સુખી માને ખરો પણ વાસ્તવિક રીતે એ દુઃખી થઈ રહ્યો છે કેમ કે એની શક્તિ જ છે આયુષ્ય સારું છે એ પણ ખોવાય જાય છે વીતી જાય છે એટલે સદાય દુઃખી છે છતાં આપણે લૌકિક દ્રષ્ટિથી વિચારીએ તો તાત્કાલીક થોડું સુખ લાગે. આગળ પાછળ દુઃખ છે એ તો બધાયને અનુભવમાં છે. બધાને ખબર છે કે પછીય દુઃખ છે ને પહેલાં ય તે બધી એની વાસના રહેવામાં ચિંતા કરવામાં દુઃખ છે. જેમ સંસારમાં પૈસા મેળવવામાં કંઈ તકલીફ છે કે નહીં ? બોલો. વપરાય જાય પછી એ વયા ગયાની ચિંતા એટલે સંસારના તમામ ભોગો મેળવવામાં અને વપરાય ત્યારે દુઃખ એટલે ધનને માટે લખ્યું-

**અર્થાનાં અર્જને દુઃખં અર્જિતાનાં ચ રક્ષણે ।**
**આયે દુઃખં વ્યયે દુઃખં,ધિગર્થાન કષ્ટ સંશ્રયાન્ ॥**

અર્થ એટલે પદાર્થો. જગતના જેટલા પદાર્થો છે ને એ બધા **અર્થાનાં અર્જને કલેશ.** તો એ મેળવવા માટે કહ્યું પરમાત્મા તો બધાને અંદર મળેલા છે. મળ્યા છે કે નથી મળ્યા ? બોલો. અહીં બેઠા એટલા બધાને નો મળ્યા હોય એ ઊંચી આંગળી કરો કે નથી પરમાત્મા. સત્સંગમાં જવાવાળા કોઈ દિ' નય બોલે કે નથી પરમાત્મા કેમ કે પરમાત્મા તો પૂર્ણ હોવાથી બધે હાજરા-હાજુર છે.

**जले विष्णुः स्थले विष्णुः विष्णुः पर्वत मस्तके ।**
**ज्वाला माला कुले विष्णुः सर्वं विष्णु मयं जगत ॥**
**ઈશ્વરઃ સર્વભૂતાનાં, હૃદ્દેશેઽર્જૂન તિષ્ઠતિ**

(ગીતા-અ-૧૮-૬૧)

અર્જુનને ભગવાને કહ્યું ઈશ્વર બધાના હૃદયમાં છે. પંદરમાં અધ્યાયમાં પણ કહ્યું-

**સર્વસ્ય ચાહં હૃદિ સંન્નિવિષ્ટો**
**મત્તઃ સ્મૃતિર્જ્ઞાનમપોહનં ચ,**
**વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યો,**
**વેદાન્તકૃદ્વેદવિદેવ ચાહમ્.**

(શ્રી મદ્ ભગવદ્ ગીતા-અ-૧૫-૧૫)

**યો લોકત્રયમાવિશ્ય, બિભર્ત્યવ્યય ઈશ્વરઃ**

(ગીતા-અ-૧૫-૧૭)

ત્રણે લોકમાં જે વ્યાપક રહે એનું નામ જ ઈશ્વર છે. એટલે પરમાત્મા પૂર્ણ છે વ્યાપક છે અખંડ છે એટલા માટે હંમેશા હાજરા હાજુર છે છે ને છે. એટલે એને મેળવવામાં કલેશ નય. તો તમે કહો કે અમને તો બહુ કલેશ થાય છે સમજતા નથી એટલે કલેશ થાય છે એટલે અજ્ઞાનીને થાય છે પણ સમજે તો કાંય કલેશ નથી કેમ કે-

**માયા પડદો દૂર કરે તો**
**નહીં કાયાને કલેશ જોને**

એમાં કાયાને કાંય કલેશ કરવો પડતો નથી. ભૂખ્યા રે'વામાં આવે એટલે વિષયોને છોડવા માટે કરવું પડે છે. વિષયની બહુ વાસના છે ને એટલે તપ કરાવવું પડે. શું કરાવવું પડે ? બોલો. કે વિષયની વાસના નો હોયને તો તો બ્રહ્મ તો હાજરા હાજુર તમારી અંદર જ છે છે ને છે. જે કંઈ વ્રતો, દાન, પુણ્ય કરવા એ તો વિષયો છોડવા માટે છે. શું કરવા માટે ? બોલો. બ્રહ્મ લેવા નહીં. બ્રહ્મ તો હંમેશા છે છે ને છે. પણ તમને વ્રત કરાવે નિયમ કરાવે એટલે કે જેથી તમારા વિષયો છૂટે. વિષયો છોડવા જપ, તપ, વ્રત કરવાની જરૂર છે. બ્રહ્મ પરમાત્મા લેવા નહીં પરમાત્મા તો તમારો આત્મા જ છે કોણ છે ? બોલો ? એટલે તમે કે પરમાત્મા એક પણ જુદા નથી તમે પોતે જ પરમાત્મા છો. એ પોતાનો આનંદ લેવા માટે પારકા આનંદને છોડવાની... એની માટે વ્રત, નિયમ, અગિયારસ કરાવે તમને ભજનમાં બેસાડે જેથી વિષયો તમારા છૂટી જાય. તો ભગવાન લેવા માટે નહીં

ભગવાન તો તમે હાલો તોય છે ને બોલો તોય છે ને ઊંઘમાય છે ને ચોવીસો કલાક છે છે ને છે. એ પરમાત્માનો લાભ છોડીને જે બીજા વિષયમાં રહે છે તો એને માટે કહે છે-

**'प्रेयो मन्दो योगक्षेमाद्वृणीते ।'**

જે પ્રેય માર્ગનું વરણ કરવાવાળા સ્વીકાર કરવા વાળા જીવો છે તે મંદ બુદ્ધિના છે. કઈ બુદ્ધિના ? બોલો. શું કામ ? કે **योगक्षेमाद्वृणीते** કે એ લોકો યોગ અને ક્ષેમને માટે પ્રેય માર્ગ ગ્રહણ કરે છે. 'યોગ' એટલે જગતના પદાર્થો મેળવવા અને 'ક્ષેમ' એટલે જગતના પદાર્થોને સાચવવા. તો તો મેળવવા ને સાચવવા, મેળવવા ને સાચવવા જે મહેનત કરે તો તમે જ કહો એને મંદ બુધ્ધિના જ કહેવાયને એ તો બહુ હોશિયાર કહેવાય ? મેળવે એ અત્યારે બહુ પૈસા ભલે ખોટું કરીને મેળવે તો શું કે'વાય ? ભાઈ તો બહુ હોશીયાર છે બહુ પૈસા એણે મેળવી લીધા પણ શ્રુતિ એમ કહે છે કે એ મંદ બુદ્ધિના છે. શું કામ ? એ થોડું ધ્યાનથી સાંભળો, જે સાચું સોનુ છોડીને ખોટું સોનું લે અને એને બનાવટી ઊભું કરે કે લાવો આ આમ કરીને આમાંથી સોનું બનાવી દેવી. આનાથી સોનું બનાવી દેવી. સાચું સોનું મળતું હોય એ ન લે અને કોઈ બનાવટી લેવા જાય એ કેવો કહેવાય ? બોલો ? કેમ કે બનાવટી છે ને એ બનાવટી જ રહેવાનું છે. ગમે એટલું બનાવવા મહેનત કરશે તોય સાચું તો થવાનું જ નથી. કેમ કે બનાવટી એ બનાવટી જ રહેવાનું છે. કોઈ સાચો સાધુ બનીને બનાવટી હારે જાય તો શું થાય ? બોલો ? છેલ્લે છેતરાય જ જાય. એમ કોઈ સાચા નેતા પાસે ન જાય ને ખોટા બનાવટી નેતા પાસે જાય એ મંદ બુદ્ધિનો કહેવાય. જે પરમાત્મા સાચા છે એને છોડી અને ખોટા જે પદાર્થો લેવાવાળા છે એ કેવા છે ? બોલો ? મંદ બુદ્ધિના. જેમ પાણી છોડીને કોઈ પરપોટા લેવા જાય, કોઈ શરીર છોડીને શરીરની છાયા લેવા જાય, એ કેવો કહેવાય ? બોલો ? મંદ બુદ્ધિનો. કેમ કે શરીર તો છે છે ને છે. અને છાયા નથી ને કેવળ દેખાય છે. એમ આ જગતની જે માયા છે ને એ ભગવાનની છાયા છે શું છે ? બોલો ? એટલા માટે પરમાત્મા હંમેશા છે છે ને છે. શબ્દ યાદ રહ્યોને ? બોલો ? પરમાત્મા હંમેશા છે છે ને છે. પરમાત્મા છે એટલે લેવા નો પડે પરમાત્મા મરે નહીં એટલે કોઈ દિ' સાચવવા પડે નહીં. રહ્યું યાદ ? બોલો ? પરમાત્મા શું નો કરવા પડે ? કોઈ દિ' લેવા નો પડે કેમ કે સત્ય છે એટલે હંમેશા છે છે ને છે અને પરમાત્મા મરતા નથી ચોરાતા નથી લૂંટાતા નથી ઘટતા નથી બગડતા નથી એટલે કોઈ દિ' સાચવવા પડે નહીં. બોલો, પરમાત્મા રોગી થઈ જાય ? અને શરીર ? તમે રોજ શરીરને કેટલું સંભાળો છો ? તોય રોગી... મેળવવામાં, શરીર લેવા માટે કેટલું પૂણ્ય કર્યુ હશે ત્યારે મળ્યું હશે ને કેટલું એને સાચવો તોય રે'તું નથી. એક દિ' પાછું વયું જાય. જયારે પરમાત્મા તો હંમેશા છે છે ને છે. એટલા માટે એ તો હંમેશા હાજરા હાજૂર છે. પરમાત્મા લેવાય નો પડે ને એને સાચવવાય નો પડે, રહ્યું યાદ ? બોલો. પરમાત્મા આપણને સાચવે કે આપણે એને સાચવવા પડે ? ઉટતા આપણને સાચવે. પરમાત્માને નો લેવાય પડે કેમ કે એ તો હાજરા હાજુર ચોવિસ કલાક છે અને પરમાત્માને કોઈ દિ' સાચવવાય નો પડે એટલા માટે નો યોગની જરૂર પડે નો ક્ષેમની જરૂર પડે. જયારે અજ્ઞાની જીવો એવી વસ્તુ લે છે જે મેળવવી પડે ને પાછી સાચવવી પડે. તો સમજો કે સાચું છોડીને ખોટું લે એ મંદ બુદ્ધિના કહેવાય અમરને છોડીને ખોટું લે એ મંદ બુદ્ધિના કહેવાય અમરને છોડીને મરવાવાળું લે એ શું કહેવાય ? બોલો. અને જે હોય એને ન લે અને જે ન હોય એની પાછળ દોડે. એ કેવા કે'વાય ? જે સાચું જળ છોડીને ઝાંજવાનું જળ પીવા દોડે એ કઈ બુદ્ધિના કહેવાય ? બોલો ? તમારી મેળે સમજી લો જો. શ્રુતિ એ જ કહે છે બીજું કંઈ કે'તી નથી.

**ક્રમશ...**

**॥ શ્રધ્ધાંજલી ॥**

દડવા ગામના સ્વ. નથુભાઈ રણછોડભાઈ માંગુકિયા (ઉ.વ. ૯૫) સંવત ૨૦૭૧ જેઠ સુદ ૧, તા. ૧૯/૦૫/૨૦૧૫ ને મંગળવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

અમદાવાદ નિવાસી સ્વ. વાલજીભાઈ રૈયાભાઈ ચકરાણી (ઉ.વ. ૮૩) સંવત ૨૦૭૧ જેઠ સુદ ૬, તા. ૨૪-૦૫-૨૦૧૫ ને રવિવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

**પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીનો ૧૫ મો નિર્વાણ જયંતિ મહોત્સવ, ચાણોદ ધામ, વૈશાખ સુદ અગીયારસ તા. ૨૯/૪/૨૦૧૫ બુધવારના શુભ અવસરે સંતોએ આપેલા આશીવર્ચન....**

### પ.પૂ.બ્ર.શ્રી જયાનંદજી મહારાજ

આપણે વારે વારે આ સંસારમાં આવવાનું કારણ વાસના છે અને એ વાસના સદ્‌ગુરુ વિના મટતી નથી ગીતાના ૧૫ માં અધ્યાયમાં ભગવાન કહે છે, **''મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ''** જીવ છે એ મારો જ અંશ છે, ફરી આગળ કહે કે, **'યદ્‌ગત્વા...'** મારું ધામ એ છે જયાં ગયાં પછી પાછું આવવું પડતું નથી. તો જીવ છે એ ભગવાનનો અંશ છે. છતાં કેમ પાછો આવે છે. જે રીતે કોઈ જગ્યાએ આપણે ગયા હોઈએ અને કોઈ વસ્તુ ભૂલી જઈએ અને પાછું આવવું પડે એમ વાસનાને લીધે જીવને આ સંસારમાં આવવું પડે છે. એટલે મહાપુરુષોએ કીધું છે કે,

**બાળી ભસ્મ કરે બીજી વાસના,**
**ઉર પ્રગટે તે પ્રેમ અપાર, બ્રહ્મ રસ પીજીએ.**

જયાં સુધી જીવનની અંદર સદ્‌ગુરુ મળતા નથી ત્યાં સુધી આપણી વાસના સંપૂર્ણપણે નાશ થતી નથી. એટલે સદ્‌ગુરુનો મહિમા છે. દરિયામાં ભૂલા પડેલાને નાવ મળી જાય તો આસાનીથી પાર થઈ જાય છે એવી રીતે સંસાર સમુદ્રની અંદર આપણે બધા ભૂલા પડેલા છીએ તો સદ્‌ગુરુરૂપી નાવ મળી જાય તો સંસાર સમુદ્રથી સરળતાથી પાર થઈ જાય. જે આપણા સદ્‌ગુરુ હતા એણે જીવનના અંત સુધી આપણને હંમેશા મુક્ત કરવા પ્રયાસ કર્યો હતો એટલે એણે જે જ્ઞાન આપ્યું છે તેનો હંમેશા વિચાર કરતાં રહીએ તો આપણે પણ એક દિવસ એવો આવે કે આપણે પણ નિર્વાણ પદને પ્રાપ્ત થઈ શકીએ અને એજ મનુષ્ય જન્મનું સાચું લક્ષ છે અને તે જ મનુષ્ય જન્મ સાર્થક થયો કહેવાય. સદ્‌ગુરુ મહારાજે જે જ્ઞાન આપ્યું છે તેનો આપણે વિચાર કરતા રહીએ અને જીવનમાં ઉતારીને આપણું પણ એવું જીવન બનાવીએ એ જ સાચી શ્રદ્ધાંજલી છે.

### પ.પૂ.સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ

તત્ત્વજીજ્ઞાસુ ભાઈઓ-બહેનો-માતાઓ,

**પાવદ્ આયુ ત્રયો વંદ્ય વેદાન્તો ગુરુરિશ્વર**
**આદૌ જ્ઞાન પ્રાપ્યર્થં, પશ્ચાદ્કૃતજ્ઞત્વાત્ મુક્ત્યે**

મહાપુરુષો બતાવે છે શાસ્ત્રો બતાવે છે કે જયાં સુધી આ શ્વાસ ચાલે આયુષ જયાં સુધી શેષ છે ત્યાં સુધી ત્રણ તત્ત્વ હંમેશા વંદ્ય છે. વેદાંત શાસ્ત્ર અને વેદાંત શાસ્ત્રનો મર્મ શિષ્યને સમજાવી અજ્ઞાનને અંધકારને દૂર કરે એ ગુરુ અને જેનો બોધ થવાથી જન્મ-મરણ છૂટે તે ઈશ્વર. આ ત્રણે (વેદાંત, ગુરુ અને ઈશ્વર) નો હંમેશા ખ્યાલ રાખવો. વેદાંત શાસ્ત્ર આપણને આત્માનો ખ્યાલ આપે છે. એક વેદાંત શાસ્ત્ર જ સમર્થ છે જે આપણને આત્માનો બોધ કરાવી શકે છે. કારણ કે આત્મા કયારેય કોઈને નજરે દેખાતો નથી તે શાસ્ત્ર અને ગુરુ દ્વારા જ બોધ થાય છે. સ્વામીજીએ આપણને 'તત્ત્વમસિ' નો બોધ આપ્યો. સંસારની ઉત્પત્તિ, સ્થિતિ, લય જેનાથી છે તે સદ્ પરમાત્મા ચિદ્ પરમાત્મા, આનંદ પરમાત્મા એ આપણાથી અલગ નથી એવો આપણને બોધ આપ્યો અને જો આપણી અંદર યોગ્યતા કેળવીશું, આપણી અંદર મેધાવીપણું હશે તો અવશ્ય આપણે સંસાર સાગરથી પાર થઈ શકીશું કારણ કે શાસ્ત્રમાં બતાવ્યું છે કે **'આચાર્યવાન્હિ પુરુષઃ વેદઃ'** જયાં સુધી આચાર્યનો સમાગમ કરવામાં ન આવે ત્યાં સુધી સંસાર સાગરથી પાર થઈ શકાતું નથી અને આપણી પરંપરા વેદાંત મુલક છે. આપણે હંમેશા પોતે પણ આ લાભ લેવો જોઈએ અને બાળકોને પણ આ લાભ લેતા કરતા રહેવા જોઈએ. વર્તમાનકાળ બહુ વિકટ છે. વ્હેમ, વ્યસન, વ્યભિચાર, વિકાર અને વાસનાનું પ્રાબલ્ય એટલું બધું વધતું જાય છે જેને દૂર કરી આત્મનિષ્ઠ થવાની જરૂર છે. શાસ્ત્ર ડિમ ડિમ ઘોષ કરીને કહે છે, **'યો વે ભૂમા તત્સુખં નાલ્પેસુખમસ્તિ...'** જે ભૂમા છે તે જ સુખરૂપ છે અલ્પની અંદર સુખ હોય જ ન શકે. કયાંય આત્માથી ભિન્ન પ્રગતિ કરીશું તો કયારેય સુખ મળવાનું નથી. જયાં સુધી ગુરુ, શાસ્ત્ર અને ઈશ્વરાભીમુખ નહી થઈએ ત્યાં સુધી સુખ, નથી મળવાનું. આપણું જીવન

સફળ નથી થઈ શકવાનું. સ્વામીજી મહારાજની આજે નિર્વાણતીથી મનાવી રહ્યા છીએ. તેમનું જીવન અત્યધિક સરળ હતું તેમનાં જીવનમાં કયારેય ઈર્ષા. અદેખાઈ ઊંચુ, નીચું કયારેય જોવા નથી મળ્યું. એવા એમના આ નિર્વાણ તીથી મહોત્સવે આપણે એટલી જ એમના ચરણોમાં પ્રાર્થના કરીએ કે હે ગુરુદેવ ! તમારી અંદર જે એકતા, સમતા અને સત્યતા હતી એ આપણા બધાની અંદર આવે તો આપણું જીવન અવશ્ય સફળ થાય. આપણે અહીંથી જઈએ ત્યારે અવશ્ય એક વસ્તુ એવી લઈ જઈએ કે જે હંમેશા આપણા જીવન માટે આલંબન બની જાય. આપણું જીવન સફળ થઈ જાય અને આપણા જીવનમાં ગુરુભક્તિ વધે, વેદાંત શાસ્ત્ર પ્રત્યે નિષ્ઠા વધે, ગુરુ પ્રત્યે ભક્તિ વધે, ઈશ્વરનો આપણે સાક્ષાત્કાર કરીએ એમાં જ મનુષ્ય જીવનની ચરિતાર્થતા છે.

હરિ ૐ તત્સત્

**પ.પૂ.સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજશ્રી**

ભાવિક ભક્તજનો,

આપણે આજે પૂ.સ્વામીજી મહારાજના આશીર્વાદ લેવા માટે એકત્ર થયા છીએ વિષય છે ગુરુભક્તિ સ્વામીજીની ભક્તિ તમે ને હું જોવા જઈએ તો એમણે એક સુંદર ભજન આપ્યું એમાંથી જ આપણે પ્રેરણા લેવાની છે.

**ગમે તેવો ગણો મુજને ગુરુજી હું તમારો છું**
**હૃદયની ભાવના કહે છે, ગુરુજી હું તમારો છું**
**અગર તારો કે બુડાવો, શરીર નાવ સોપું છું**

આવા શબ્દનો પ્રયોગ કર્યો છે એક એક શબ્દની અંદર સમર્પણનો ભાવ અને મનની અંદર પોતાની તમામ ઈચ્છાઓનો ત્યાગ કર્યો છે. અને આપણે મનોમુખી ભક્તિ કરીએ છીએ પણ ગુરુ મુખી ભક્તિ થવી જોઈએ. ગુરુ ભક્તિ કરવી હોય તો ગુરુના શરણે ગુરુના વચનમાં વિશ્વાસ રાખીને ભક્તિ કરવી પડે છે. એટલે શાસ્ત્રોએ આપણી પાસે મર્યાદા મુકી. **'શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં તદ્વિજ્ઞાનાર્થં સગુરુમેવાભિ–ગચ્છેત'** શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુના શરણે જઈને અને વિશ્વાસ રાખીને આપણે આગળ વધવું જોઈએ. ગુરુ હંમેશા આપણા હિતનો ઉપદેશ આપે છે. સમર્થ ગુરુના સાનિધ્યમાં જઈને જો એમાં વિશ્વાસ રાખીને માણસ ચાલે તો નિશ્ચિત ક્રાંતિ થાય છે. પણ આપણે બધા ખોટી ક્રાંતિમાં ભટક ભટક કરીએ છીએ અને કારણ વગરના આમ ને તેમ અટક અટક કરીએ છીએ પણ ગુરુના વચનમાં વિશ્વાસ હોય તો આપણે ખરેખર કાંઈ કરવાની જરૂર નથી. આપણે રોજ પ્રાર્થના કરતા બોલીએ છીએ, **'ષડંગાદિવે....'** ષડ અંગ (શિક્ષા, કલ્પ, નિરુક્ત, છંદ, વ્યાકરણ અને જયોતિષ) સહિત વેદનો અભ્યાસ કર્યો હોય, સ્વયં પોતે જ કાવ્યની રચના કરી શક્તો હોય પણ ગુરુને શરણે મન સમર્પિત ન કર્યુ હોય તો શું થયું ? શું થયું ? શું થયું ? અર્થાત્ કંઈ થયું નથી. સમર્પણનો સ્વભાવ મહાન બનાવે છે. તો આપણે એમની શ્રદ્ધાંજલીના બેઝ પર જોવા જઈએ તો એમના જીવનમાંથી પ્રેરણા લેવી હોય તો એક જ સૂત્ર યાદ રાખવા જેવું છે.

**અખંડ આનંદની ધૂન જેને લાગી,**
**સોહં શિવોહંની લગની લાગી**
**એવા મારા ગુરુજીના ગુણલા ગાવો,**
**સદ્‌ગુરુ શરણોમાં પાયે લાગુ.**
સદ્‌ગુરુ દેવકી જૈ

**પ.પૂ.સ્વામીશ્રી સુરેશ્વરાનંદજી મહારાજશ્રી**

**નમઃ શંભવાય ચ મયો ભવાય ચ**
**નમઃ શંકરાય ચ મયસ્કરાય ચ નમઃ**

આજનો વિષય છે ગુરુભક્તિ શ્રદ્ધાંજલિ. તો શાસ્ત્રોમાં કીધુ છે **'ગુરુ વેદાંત વાક્યેષુ વિશ્વાસ શ્રદ્ધા ઈતિ કથ્યતે'** ગુરુ અને વેદાંતના વાક્યોમાં જેને વિશ્વાસ હોય એને શ્રદ્ધા કહેવાય અને એ દીધેલી શ્રદ્ધાને શ્રદ્ધાંજલી કહેવાય. બહારની શ્રદ્ધાંજલી કેવી છે ? છપર્યા, ફુલહાર છે, પુષ્પ છે, દંડવત પ્રણામ છે. પ્રસાદ ધરાવો એ સપર્યા પદ્ધતિ કહેવાય. અંદરની પદ્ધતિ છે શ્રદ્ધાએ દીખાવી શકાતી નથી. એટલે ગુરુના વાક્યોમાં વેદાંતના વાક્યોમાં જેટલી શ્રદ્ધા રાખો એ મોટી શ્રદ્ધાંજલી છે. તો આજનો આ દિવસ છે કાલે જ આ ઘટના બની ગઈ એવું લાગે પરંતુ પંદર વર્ષ વિતિ ગયા. છતાં સ્વામીજી સ્મૃતિ પટ પરથી હટતા નથી. સ્વામીજી મહારાજ આપણી સામે પ્રત્યક્ષ છે. જોયા કરે છે.

સ્વામીજી મહારાજ કેવા હતા ? તો ગીતાના બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞના લક્ષણો બતાવ્યા, આગળ ૧૨ માં અ.માં ભક્તના જેટલા લક્ષણો / ગુણો

છે . ૧૩ માં અ.માં જ્ઞાની પુરુષોના જેટલા લક્ષણો 'અમાનિત્વાદિ' ત્રીજા લક્ષણો જ્ઞાની છે. આગળ ૧૬ માં અ.માં દૈવી સંપત્તિના લક્ષણો છે તથા ભાગવતના સપ્તમ સ્કંધમાં નારદજીએ યુધિષ્ઠિરને ધર્મના લક્ષણો બતાવ્યા, મનુ ભગવાનના દસ ધર્મના લક્ષણોએ બધાનું મૂર્તિમંત સ્વરૂપ એટલે સ્વામીજી.

એના એક એક ગુણને તમે લખો તો મોટો દળદાર ગ્રંથ બની જાય એટલા બધા એના ગુણો છે કારણ કે સ્વામીજીએ અનેક ગુણોની ખાણ હતા. દેહાધ્યાસને કારણે સામેના વ્યક્તિમાં ભગવાન દેખાતા નથી. જે ક્ષણે દેહાધ્યાસ છૂટે ત્યારે સામે પરમાત્મા દેખાય. સ્વામીજી મહારાજની અંદર દેહાધ્યાસનું નિર્મૂલન થઈ ગયું હતું.

**'મમાત્મા સર્વભૂતાત્મા'** બોલી શકાય બધુ પરંતુ પાળવું હોય ત્યારે મુશ્કેલ છે. બોલેલુ સહેલું છે પણ આચરણ અઘરું છે. ગુરુગીતામાં રાજરાજેશ્વર દેવાધીદેવ મહાદેવ મા ભગવતી રાજરાજેશ્વરી લલીતા ત્રીપુરસુંદરી ભગવતી પાર્વતીને કહ્યું,

**યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ;**
**તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ**

ગુરુના મુખમાં રહેલી વિદ્યા ગુરુની સેવા કરે એ શિષ્યને બધુ જ પ્રાપ્ત થઈ જાય. પરંતુ વિદ્યા અને ધનના મદ (અભિમાન) માં રહે છે તે ગુરુની સેવા કરી શકતા નથી. સ્વામીજી કોઈના પ્રભાવમાં નથી આવ્યા ન તો કોઈ વસ્તુનો અભાવ લાગ્યો પરંતુ પોતાના સ્વભાવમાં સ્થિત થઈ ગયા એટલે પોતાના સ્વરૂપમાં રહેતા હતા. આપણને પણ એવો સંદેશ આપ્યો કોઈના પ્રભાવમાં પણ ન રહેવું ને કોઈના અભાવમાં પણ ન રહેવું પરંતુ પોતાના સ્વભાવમાં રહેવું. આ જગ્યા ઉપર બેઠાને ત્યાં મોટા મોટા રાફડા હતા. પૂ. સ્વામીજીનો એક સંકલ્પ હતો કે આ ગોચર જમીનને નંદનવન બનાવવું છે તો આજે શું બનાવી દીધું ? વૃંદાવન તો સ્વામીજી મહારાજ સંકલ્પ શિલ્પી હતા. ગુરુ ભક્તિ જ મોટામાં મોટી સેવા છે એટલું કહીને વાણીને વિરામ આપું છું.

બોલ સચ્ચિદાનંદ ભગવાન કી જૈ.

## <u>પ.પૂ.સ્વામીશ્રી મોહનાનંદ સાગરજી મહારાજશ્રી</u>

સત્સંગ પ્રેમી ભાઈઓ અને બહેનો,

આપણે સદ્‌ગુરુ ભગવાનની ભક્તિ વિશે વિચાર કરીએ તો એક ભક્ત કવિએ કહ્યું છે,

**ગુરુ મેરી પૂજા ગુરુ ગોવિંદ,**
**ગુરુ મેરા પરબ્રહ્મ ગુરુ ભગવંત**

આપણે આજે પ.પૂ. સ્વામીજી મહારાજના શ્રદ્ધાંજલી નિમિત્તે એકઠા થયા છીએ. જેવી રીતે ગંગોત્રીમાંથી ગંગાજળ અવિરત વહેતું રહે છે એવી રીતે આપણા હૃદયમાંથી પ્રેમની ધારા વહેતી રહે છે. જો એ ધારા સદ્‌ગુરુ ભગવાન પ્રત્યે વહેવડાવવામાં આવે તેને ભક્તિ કહેવાય અને એની એજ ધારા સંસાર પ્રત્યે વહેવડાવવામાં આવે તો તેને આસક્તિ કહેવાય.

તો વધુ ન કહેતા સદ્‌ગુરુ ભગવાનશ્રીના ચરણોમાં પ્રાર્થના કરીએ કે તેઓશ્રી આપણને બધાને જ્ઞાન, વૈરાગ્ય, મોક્ષના ભાગીદાર બનાવે કોઈને કોઈ વાતની ખામી, ઉણપ ન રહે બધા બધી જ પ્રકારે સુખી સંપન્ન થાય.

સર્વેત્રઃ સુખીનઃ.....

## <u>પ.પૂ.સ્વામીશ્રી ભૂમાનંદ સાગરજી મહારાજશ્રી</u>

ધર્મપરાયણ ભાઈઓ-ભક્તિમતી માતાઓ,

આજે આપણે આપણા હૃદયથી અભિન્ન સચ્ચિદાનંદ સ્વરૂપ સદ્‌ગુરુ પરમાત્માના પંદરમાં નિર્વાણ જયંતિ મહોત્સવ ઉજવવા માટે એકત્રીત થયા છીએ કે જે ઓશ્રીએ પોતાના જીવનની અંદર નિરંતર જેમ અગરબત્તી બધાને પોતાની સુગંધ ફેલાવે છે એવી રીતે સદ્‌ગુરુ પરમાત્માએ આપણી ભારતીય વેદાંતની, ધર્મની, ભક્તિની આપણા જીવન માટે એટલી સુગંધ વહેવડાવી જે આજે આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ. સદ્‌ગુરુ પર એ પોતાના જીવનની અંદર ભારતીય સંસ્કૃતિના સદ્‌ગુણો જીવનમાં લાવ્યા અને આપણને બતાવ્યું કે કોઈપણ મનુષ્ય જીવમાંથી શિવ બની શકે છે. સદ્‌ગુરુ પરમાત્માની ભક્તિ સર્વશ્રેષ્ઠ છે. ભગ.શ્રી શંકરાચાર્ય કહે છે ગંગામાં સ્નાન કરે. વ્રત-દાન ઈત્યાદી કરે પરંતુ સદ્‌ગુરુ પરમાત્માનું સાનિધ્ય સ્વીકારે નહીં. તન-મન-ધન અર્પણ કરે નહીં ત્યાં સુધી જ્ઞાન થતું નથી અને જ્ઞાન વગર ગમે એટલા જન્મો ચાલ્યા જાય પરંતુ જીવ શિવરૂપ બની શકતો નથી સદ્‌ગુરુ પરમાત્માની ભક્તિ કરવી જેથી સંસાર સાગરથી મુક્ત થાય પોતાના ઈન્દ્રિયો અને મનને નિયંત્રણમાં લાવે તો પોતાના

હૃદયની અંદર સચ્ચિદાનંદ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે તો ભવસાગર સરળતાથી તરી શકાય છે.

આપણે તેઓશ્રીના ચરણોમાં એક પ્રાર્થના કરીએ કે જે આપણને તેઓશ્રીએ જે જ્ઞાન આપ્યું છે જે રસ્તો બતાવ્યો છે એ ધર્મના રસ્તે ચાલતા રહીએ નિષ્કામ ભાવથી સર્વની સેવા કરીએ. સદ્‌ગુરુ પરમાત્માની ભક્તિ કરીએ અને સદ્‌ગુરુ પરમાત્માએ જે જીવ ઈશ્વર એક્યનું જ્ઞાન આપ્યું એ જ્ઞાનનું મનન કરીએ.

## પ.પૂ.સ્વામીશ્રી વિવેકાનંદ સાગરજી મહારાજશ્રી

તત્ત્વજીજ્ઞાસુ સજ્જનો,

આજ આપણે બધા ધોમધખતા તાપની અંદર એકત્રીત થયા. આ બધી અકળામણ શા માટે આપણે વેઠીએ છીએ ? હું કહીશ કે જયારે આપણા ભારત વર્ષની અંદર વૈદિક સનાતન ધર્મ હતો. યજ્ઞ ઈત્યાદી થતા હતા અને એમાં આહુતી આપતા હતા. ઘીની નહી પણ બકરાની એનો નાશ કરવા માટે અને એને ઓછું કરવા માટે આપણે ત્યાં ૨૪ અવતારમાં બુદ્ધ ભગવાનનો અવતાર માનવામાં આવે છે. જયારે જયારે જે સમયમાં જેની જરૂર હોય તે સમયે તે સ્વરૂપે ભગવાન અવતાર ધારણ કરે છે. એમ માનો એક અવતાર આપણા સદ્‌ગુરુ ભગવાન જયારે ઘણા બધા આશ્રમો હતા તેમાં તમાકુ ભરતા હતા જે આશ્રમની અંદર કોઈ દર્શન કરવા જતું ન હતું એવા આશ્રમો ગુજરાતમાં હતા. એ આશ્રમનો પુનઃઉધ્ધાર કરવા માટે એ સાક્ષાત્ નારાયણ અવતાર લઈને આપણા વચ્ચે આવ્યા. કદાચ કડવું લાગે તો ક્ષમા કરજો આપણે તેને ઓળખી ન શકયા. આપણે જેનો લાભ લેવો જોઈએ. સાક્ષાત્ નારાયણા આવ્યા હોય પણ આપણે લાભ ન લઈએ તો કોની ભૂલ ? ગંગાના કીનારે ગંગા વહેતી હોય અને તરસ્યો રહી જાય તો ગંગાનો વાંક કે આપણો ? એમણે જીવન પર્યંત એકતા, સમતા અને સત્યતા પ્રમાણે જીવીને બતાવ્યું અને આપણને એ પ્રમાણે ઉપદેશ આપ્યો અને હકીકતમાં આ સમયમાં એની જરૂર હતી. સમાજમાં, દેશોમાં કે ઘરમાં, આપણા પરમાત્માને તો કોઈ પ્રકારનો વિરામ આવ્યો જ નથી એકતા ને પછી સમતાને વધુ ને વધુ જોર આપ્યું સમાન રૂપેથી બધા ભક્તોને, સંતોને પ્રત્યે સમદ્રષ્ટિ રહેતી. સત્યતાવાળું તો જીવન હતું જ તેમનું અને સાથે સાથે સરળતા હતી. હું ને તમે સાક્ષી છીએ એ સરળતા મને ને તમને શીખવતા ગયા. નાના બાળકથી માંડીને વૃદ્ધ સુધી બધા તેમને નતમસ્તક હતા.

એના જીવનની અંદરથી જે જે આપણને ઉપદેશ આપવા માટે અભિવ્યક્ત કર્યુ એ જ પ્રમાણે આપણા જીવનમાં ઉતારીએ તો આપણું જીવન ધન્ય અને એટલું કહી મારી વાણીને વિરામ આપું.

## પ.પૂ. સ્વામીશ્રી હરિશાનંદજી મહારાજશ્રી

ભક્તવૃંદ,

ખૂબ આનંદનો દિવસ છે કે આજે આપણે બ્રહ્મલીન સ્વામીજીને શ્રદ્ધાંજલી આપવા એકત્રીત થયા છીએ. નિંદા અને સ્તૂતિમાં સમાન રહેનારા કોઈના પ્રત્યે રાગ-દ્વેષ નહી એવા સ્વામીજીને શ્રદ્ધાંજલીમાં આપણે શું કહીએ ? તેઓનો ઉપદેશ હતો કે, **'ઉત્તિષ્ઠતઃ જાગ્રતઃ પ્રાપ્યવરાન્નિબોધતઃ। ક્ષુરસ્યધારાગનિશિતા દુરત્યયા દુર્ગમ પથ....'**

સ્વામીજી હંમેશા બધાને એ જ ઉપદેશ આપતા કે તમે ઊઠો, ઊઠો એટલે જે જગ્યા પર બેઠા છીએ ત્યાંથી આપણે નથી ઊઠવાનું પરંતુ જે પૂર્વાગ્રહ બાંધીને બેઠા છીએ તેમાંથી ઊઠવાનું છે. પછી 'જાગો- આંખો તો આપણી બધાની ખુલ્લી જ છે. પરંતુ તુલસીદાસજી કહે છે કે મહિરૂપી નિંદ્રામાંથી જાગો અને એવા સદ્‌ગુરુને પ્રાપ્ત કરી ઉપદેશને પ્રાપ્ત કરો. આ માર્ગ તલવારની ધાર જેવો છે. અહી ચડતા તો બહુ સમય લાગે પણ પડતા વાર લાગતી નથી. આ રસ્તા પર સેંકડો કાંટા-કાકરા છે. આના પર સાવધાની રાખીને ચાલવાનું છે.' સ્વામીજી મહારાજનો એ જ ઉપદેશ હતો કે આ દુર્ગમ માર્ગ પર ચાલતા ચાલતા તમે છેક પરમ તત્ત્વ સુધી પહોંચી જાવ અને કલ્યાણ કરો. આ રીતે ઉપદેશ આપતા હતા અને આપણને સાવધાન કર્યા છે. આજે ૧૫ વર્ષ થયા છે. છતાં આજે તેમની ચેતના હંમેશા આપણી સાથે છે અને ડગલેને પગલે આપણે એની અનુભૂતિ કરવા માટે એમણે આપણને આપેલા ઉપદેશને જીવનમાં ઉતારી અને આપણા આત્માનું કલ્યાણ કરીએ એ જ સાચી શ્રદ્ધાંજલી છે. આટલું કહી મારા વક્તવ્યને વિરામ આપું છું.

બોલ સચ્ચિદાનંદ ભગવાન કી જૈ.

## પ.પૂ.સ્વામીશ્રી ગુરુચરણદાસજી મહારાજ

આજનો અમૂલ્ય દિવસ ગુરુ મહારાજની શ્રદ્ધાંજલી જે ગુરુ મહારાજ આપણને જગાડીને ગયા જેમનો આપણા પર એટલો બધો ઉપકાર છે કે જેમ રેતીના કણ ગણી ન શકાય, આકાશના તારા ગણી ન શકાય એટલો બધો ઉપકાર છે. તેનું ઋણ ચૂકવવા આ બધા ભક્તો એકત્રીત થયા છે. અને આ બધા સંતો જે આપણી માટે આપણો આનો આ રસ્તો ચાલુ રહે આપણને જ્ઞાનરૂપી દીવો પ્રકાશીત કરે એવા ગુરુ મહારાજને આજે શ્રદ્ધાંજલી અર્પણ કરીએ છીએ તો આપણું જીવન ધન્ય છે.

**'ગુરુ મિલા તો સબકુછ મિલા,**
**ઔર મિલા નહિ કોઈ'**

જો ગુરુ મળ્યા તો બધુ જ મળી ગયું. મનુષ્યનો દેહ ગુરુકૃપા મેળવવા માટે જ છે. ગુરુ મળ્યા તમારા બધાનું જીવન ધન્ય બન્યું. ગુરુ મહારાજ મળ્યા તેમણે રસ્તો બતાવ્યો જ્ઞાનના માર્ગે ચાલો, ભક્તિના માર્ગે ચાલો, ઉપાસના કરો, સેવા કરો, દયા રાખો બધુ જ પણ આપણે એવા જડ અને મુર્ખ છીએ ને કે એ પ્રમાણે ચાલતા નથી. આપણે તેમની કૃપાનો લાભ ઉઠાવી ન શક્યા. કારણ કે આપણું પાત્ર ઊંધુ છે. આપણે આપણું પાત્ર ચત્તુ રાખવાનું છે અખંડાનંદ સાગરજી મહારાજ ઘણીવાર કહેતા કે **'તું મુક્ત છો તારે મુક્ત થવાની જરૂર નથી.'** મન અને બુદ્ધિ રૂપી શક્તિ આપી છે તેનો ઉપયોગ કયાં કર્યો ? સંસારમાં ? તેનો ઉપયોગ કરવાનો હતો તારે તારા સ્વરૂપની પ્રાપ્તિ માટે અને જ્ઞાન માટે. અહીં બહુ મજા લેવા જેવી નથી, ભલે થોડી ઘણી લો, શરીર છે, મન છે, બુદ્ધિ છે પણ એને સમય આવે એવો ઉપયોગ કરો. આપણે મનનો ઉપયોગ, બુદ્ધિનો ઉપયોગ સંતોની સેવામાં, શાસ્ત્રોમાં, આત્મચિંતનમાં કરો. આપણા મહારાજનું સૂત્ર હતું ને કે 'તું સત્ ચિત્ આનંદ સ્વરૂપ છો' એ જે આપણા હૃદયમાં ચેતના છે જે સત્ રૂપે છે, ચેતન રૂપે છે, આનંદ રૂપે છે એને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીએ.

આપણે ગુરુ મહારાજને પ્રાર્થના કરીએ કે તમારી ચેતના અમારા હૃદયમાં જાગ્રત થાય, અમારા અંધકારને દૂર કરે જ્ઞાનરૂપી દીવો પ્રકાશીત કરે એવી પ્રાર્થના સાથે વિરમું છું.

સચ્ચિદાનંદ ભગવાન કી જૈ.... જય મહારાજ

## પ.પૂ.સ્વામીશ્રી રમેશપૂરીજી મહારાજશ્રી

સમસ્ત ભાવિક ભક્તો,

આજકા પ્રસંગ ગુરુ ભક્તિ ઔર શ્રદ્ધાંજલી. ગુરુભક્તિ કે ઉપર સમસ્ત હિંદુ સમાજને જોર દીયા હૈ ગુરુ ભક્તિ તો પ્રત્યક્ષ મેં દીખ રહા હૈ. આજ ગર્મા મેં પધારે હુએ ભાઈઓ ઔર બહેનો સે યે પહચાન હોતા હૈ જો એસી મેં રહને વાલે, બંગલે મેં રહને વાલે આજ ગરમી મેં ઉપસ્થિત હૈ.

ઈસ દુનિયા મેં સંત ઔર અસંત દોનો હૈ. સંત સંસાર કે હિત કે લીયે કરતે હૈ ઔર અસંત જો દુઃખ દેતે હૈ ઉગ્રવાદી હૈ; સંત જો કુછ કરતે હૈ વો દુસરે કે સુખ કે લીયે કરતે હૈ ઔર અસંત સંસાર કે દુઃખ કે લીયે કરતે હૈ. દુનિયા મેં સંત કી સ્તુતિ કરતે હૈ ઉસકા નિર્વાણ મનાયા જાતા હૈ. પંદ્રાહ વર્ષ નિકલ ગયા પતા નહીં. વો પરોક્ષ રૂપમેં નહી અપરોક્ષ રૂપમેં સબકે હૃદય મેં હૈ. ઈસલીયે અબ યહી ઉપસ્થિત હૈ.

પ.પૂ.અખંડાનંદ સાગરજી મહારાજને જો કીયા ઔર અપરોક્ષ રૂપમેં કરતે રહેંગે ઉસકે શરણો મેં હમ કોટી કોટી વંદન કે સાથ શ્રદ્ધાંજલી અર્પણ કરતે હૈ..

ૐ નમઃ પાર્વતી....

## પ.પૂ.સ્વામીશ્રી જયરામગીરીજી મહારાજશ્રી

માધવાનંદ પરિવારના સમસ્ત ભક્તવૃંદ,

આ મહારાજની સુંદર વાટીકા જહાઁ મહારાજ સ્વયં બિરાજમાન હૈ અબ ઈસે અશોકવાટીકા કહો યા આનંદ વાટીકા કહો યે મહાત્માઓકી સુંદર વાટીકા હૈ. આ એક આશિર્વાદ છે અને તપસ્યા છે.

મહારાજ કા એક સંકલ્પ થા ઋષિમુની જૈસી સુંદર જગહ જહાઁ સુંદર ગાય જિનમેં ૩૩ કરોડ દેવતા બિરાજમાન રહતે હૈ. જો આશ્રમ મેં ગાય હૈ વો આશ્રમ આશ્રમ કહેવાય. યહાઁ ગાય સેવા ભી હૈ, સાધુ સેવા ભી છે., વિદ્યાર્થી ભી હૈ એ મહારાજનો આશિર્વાદ છે. તો આજે આપણે બધા શ્રદ્ધાંજલી દેવા અને મહારાજના આશિર્વાદ લેવા આવ્યા છીએ. પર યહાઁ પર તો બહોત બડે બડે વિદ્વાન મહાપુરુષો બિરાજમાન છે હું તો શું મહારાજને શ્રદ્ધાંજલી ભાવાંજલી આપું.... મહારાજે બધું આપ્યું છે એને અમે આશિર્વાદ રૂપમેં ઉનકે ઉપદેશોકા અનુપાલન કરતે રહે. યહી હમારી શ્રદ્ધાંજલી હૈ.

## પ.પૂ.સ્વામીશ્રી મોરારીદાસજી મહારાજ

ભાવિક ભક્તવૃંદ,

ગુરુ ભક્તિ ઉપર ઘણી જ ચર્ચા, ઘણો જ સત્સંગ થઈ શકે અને એમાંય બધા જ સંતોને પાંચ પાંચ મિનિટ મળતી હોય તો હું માનું છું ત્યાં સુધી એ આપણા માટે જેમ રૂ હોય અને અંદર એક તણખું પડે અને બળીને ખાખ થઈ જાય વિરાય - વિશ્વનું દર્શન કરતી આંખ ઉપર એક તણખણું પડે અને આંખ વિશ્વને જોતી પણ બંધ થઈ જાય. એટલી મહત્ત્વની સંતોની પાંચ મિનિટ આપ સૌ માટે હોય છે. પરમ શ્રદ્ધેય પ.પૂ.સ્વામીજી મહારાજશ્રીએ આપણને ઘણું બધું આપ્યું છે અને તેને આધારે જ આપણે સૌ જીવન જીવી રહ્યા છીએ તેમ છતાંય એવું કહેવું હોય તો કહી શકાય કે આજના માનવ પાસે એટલો સમય નથી મોટામાં મોટો પ્રશ્ન છે માણસ પાસે સમય નથી. બીજુ કે સમજ નથી. તુરંત ડિસિઝન લેવાની આજના માણસને અંદરથી એવી આવડત થઈ ગઈ છે. કે તુરંત ડિસિઝન લઈ લેવું ને પાછળથી ઓઘાવું પસ્તાવું, સમય નથી, સમજ નથી, ત્રીજી અનિવાર્ય છે. એની ઉણપ લાગે છે એ છે સ્થિરતા નથી. આજે એટલા બધા તમે સ્થિર બેઠા છો એ મહારાજશ્રીની અસીમ કૃપા છે. બાકી તમે ઊભા થઈને બહાર જશો એટલે એક જગ્યા તમને એવી નહી મળે કે જયાં તમે પાંચ મિનિટ સ્થિર રહેશો. આજનો આધુનિક માનવ શાંતિની ખોજમાં છે એટલા માટે આપણા શાસ્ત્રો કહે છે કે સંતોના ચરણે જાઓ.

આપણે આપણા જીવનમાં કયાં છીએ એની કદાચ આપણને પણ ખબર હોતી નથી. ત્યારે અખંડાનંદ સાગરજી મહારાજશ્રી એમના લેખનો, એમના પુસ્તકો અને વર્તમાન પરમ શ્રદ્ધેય આ સાગર પરંપરાના અધ્યક્ષ શ્રી જગદીશાનંદજી મહારાજશ્રીનો ઉપદેશ આપણને બતાવે છે કે તમે કયાં છો ? ને આ સંતોએ આ જ કાર્ય કર્યુ છે. જગત ઉપર સારા, માળા અને તાળા. આ ત્રણ કાર્યો કર્યા છે. સારાનો અર્થ એ થાય કે તમને સંસ્કરણ કર્યુ સંસ્કાર આપ્યા કે આ રીતે પગે લગાય. આ રીતે સંતોની સેવા કરાય, આ રીતે 'મંદીરમાં જઈ અને ધર્મની આ રીતે ચાદર ઓઢાય, હાથમાં માળા હતી તમને એ પણ બતાવ્યું કે માળા કયારે ફેરવવી ? કેવી રીતે ફેરવવી ? અને તાળા શું છે ?' તાળા એટલે તમારા ઘરમાં તાળા મારી દીધા એ તાળા નહી પણ તાળા એટલે ખોટા વ્યસનોએ ન ચડી જાવ, ખોટા રસ્તે ન ચડી જાવ એવી જગ્યાએ તમને તાળા સંતોએ મારી દીધા. આવા સાગર પરંપરાના સંતો અને એમાંય પરમ શ્રદ્ધેય પ.પૂ. અધ્યક્ષ એવા મહામંડલેશ્વર સ્વામી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી એટલે આ ભવ્ય પરંપરાને વંદન કરુ. અખંડાનંદજી મહારાજશ્રીના ચરણોમાં વંદન સહ આપ સૌને મારા જય સચ્ચિદાનંદ... જય મહારાજ....

## પ.પૂ.સ્વામીશ્રી માધવતીર્થજી મહારાજશ્રી

વાલા ભક્તજનો,

હવે મને તો એમ લાગે છે કે બોલવાની જરૂર નથી બોલવાનું બહુ સરળ છે પણ તમારે કરવાનું બહુ કઠણ છે. લાડુ બોલવાથી પેટ ન ભરાય, ખાવાથી પેટ ભરાય મારે વિશેષ બોલવું નથી. પૂ. સ્વામીજી મહારાજ એ અખંડ આનંદનું જ સ્વરૂપ હતા. પણ હવે ભક્તિ કરવાની ફરજ આપણી છે. એ ગુરુના ઋણથી મુક્ત થવા માટે. બધા વખાણ કરશે આજના યજમાનના કે એ ઋણથી મુક્ત થવા માટે કાંઈ કરી રહ્યા છે અને એમને પણ કદાચ એમ થશે કે હું મારા ગુરુ માટે કાંઈક કરી રહ્યો છું પણ એક એટલું પૂછીશ કે તમને જે આપે તે કોણ ? તમે દાતા કયારના ? સંતો પાસેથી લઈ જવાનું માંગીને અને પછી દાતા થવાનું. સ્વામીજી મહારાજ સ્વીકારતા હતા મને ખબર છે. ઘણીવાર વાતો થાય મને કહે કે જો સ્વામીજી અમારે તો સુરતના ભોળાભોળા લોકો કહીએ તો માળા કરે. નહી તો માળા પણ ન કરે. પણ એ ગુરુને સમર્પિત છે. એટલે હું તો એમને આમ જ કહું છું કે તમે બધા મારા છો. તમે માનો કે ન માનો હું માનું છું. એ સ્વામીજીનું પરમ સૂત્ર એનો વિચાર કરવાનો છે. શાસ્ત્રમાં બહુ બહુ લખ્યું છે એટલો ભાર આપણાથી સહન થાય પણ નહીં. આપણે તો ગુરુજી હું તમારો ને તમે મારા અને એ જે રસ્તો બતાવે એના ઉપર ચાલી શું એ સાચી શ્રદ્ધાંજલી છે.

## પ.પૂ.સ્વામીશ્રી પ્રકાશાનંદગીરીજી મહારાજશ્રી

પ્રિય સજ્જનો,

આજે આપણે પરમ પૂજનીય અર્ચનીય વંદનીય અનન્ત શ્રી વિભૂષીત સદ્‌ગુરુ મહારાજના

૧૫ માં નિર્વાણ દિવસે એકત્રીત થયા છીએ. બે તીથી એવી છે. આપણી એક માધવાનંદજી મહારાજની તીથી ઠંડીમાં આવે અને અત્યારે..... ? માણસની કસોટી છે આ..

**ગુરુપદ પંકજ પુજતા ચૌદે લોક પૂજાય**
**શિવવિરંચીને શારદા ગુરુતણા જશગાવ.**

ગુરુ ભક્તિ કોને કહેવાય ? ગુરુની આજ્ઞાનું પાલન. જયારે પાંડવો અને કૌરવોને ગુરુ દ્રોણાચાર્ય ભણાવતા હતા. ત્યારે એકલવ્ય ભીલ છે તેને સભામાં ન બેસારાય પણ એકલવ્યની અંદર એવી ગુરુ ભક્તિ હતી કે ગુરુ મહારાજનું પુતળુ બનાવ્યું અને પૂજન વંદન કર્યા એની ભાવના કેવી હશે ? પૂતળાની અંદર ગુરુ ભાવના હતી. તેની પાસેથી આજ્ઞા લઈને તેણે વિદ્યા પ્રાપ્ત કરી અને એવી વિદ્યા પ્રાપ્ત કરી. એકવાર અર્જુનજી મહારાજ વિચાર કરવા લાગ્યા કે ગુરુ મહારાજ મારી જેટલું જ બાવાવાણી કોણ છે. જોઈએ તો ખરા જયારે જોવા ગયાને તો કૂતરું આવતું હતુ તેના મોઢાની અંદર તીર મારવામાં આવેલા. ત્યારે અર્જુનજી કહેવાય લાગ્યા મહારાજ ! આની ગુરુ ભક્તિ કેવી હશે ? .... મોઢામાંથી એક ટીપું પણ લોહી નીકળ્યું નથી. જતા જતા આગળ વધ્યા તો એકલવ્ય હતા. એકલવ્યને કહે કે તું ગુરુભક્તિ કયાંથી શીખ્યો ? મહારાજ ! તમારા નામનું પૂતળુ બનાવીને એમાંથી વિદ્યા પ્રાપ્ત કરી તો કહે ગુરુ દક્ષિણામાં શું આપીશ ? જે માંગો તે આપીશ.

**એકલવ્ય ગુરુસેવા કરતો,**
**મૂર્તિ ગુરુજીની ધ્યાનમાં ધરતો,**
**અંગુઠો દેતા પણ ના ડરતો,**
**ચિત્તમાં શ્રદ્ધા રાખીને.**

તો ગુરુ વચન શીરોધાર્ય. અંગૂઠો માંગ્યો તો અંગુઠો આપી દાધો. એણે વિચાર કર્યો નહીં કે હવે બાણ કયાંથી ચઢશે મારે એવી મહાન ગુરુ ભક્તિ કરી, શિવાજી મહારાજે ગુરુ ભક્તિ કરી. એવી રીતે આપણે ગુરુ ભક્તિ કરવાની છે. અનેક સંતો બતાવી ગયા કે આ ગરમીમાં બેઠા એ મહામોટી ગુરુ ભક્તિ છે.

ગુરુ મહારાજે જે જ્ઞાન આપણને બતાવ્યું છે તેનું મનન કરીએ, ચિંતન કરીએ, નિધિધ્યાસન કરીએ અને કલ્યાણ કરીએ અને આપણું જીવન સાર્થક બનાવીએ. એજ પ્રભુ પાસે પ્રાર્થના...

ૐ પૂર્ણ મદઃ પૂર્ણમિદં....

**<u>પ.પૂ.સ્વામીશ્રી સ્વયંપ્રકાશગીરીજી મહારાજશ્રી</u>**

ઉપનિષદ મેં કહા હૈ, **''શ્રધ્ધા ભક્તિ ધ્યાનયોગાદ્વેહિ''** શાસ્ત્રમેં બતાયા હમ લોગો કો શ્રધ્ધા પૂર્વક પ્રેમ પૂર્વક પરમાત્મા કા ઉપદેશ દેને વાલે આચાર્ય કે પ્રતિ ભક્તિ પૂર્વક યદિ હમ આત્મસાત કરને કા પ્રયાસ પ્રારંભ કરતે હૈ તો ઉસકા સાક્ષાત્કાર નિશ્ચિત હી ઉપલબ્ધા હોતા હૈ. શ્રધ્ધા તો શાસ્ત્ર મેં ભી કરની પડતી હૈ. ગુરુ વચનમેં ભી કરની પડતી હૈ, કયું કી ભક્તિ આચાર્ય કે પ્રતિ યદ્યાપિ પરમેશ્વર કે પ્રતિભી હો સકતી હૈ. પરમેશ્વર મેં હમેં કુછ ન કુછ પરોક્ષતા પ્રતિત હોતી હૈ. ઉનકા અપ્રોક્ષ રૂપ સાક્ષાત રૂપ ગુરુહી ઉપલબ્ધ હોતા હૈ, ઈસ લીયે ગુરુ કે પ્રતિ અભી હમ લોગો કી મનસે, વાણીસે યા તો કર્મો સે પ્રેમ કી અભિવ્યક્તિ હૈ, વહી ભક્તિ હૈ ઔર ઐસી ભક્તિ કરતી કરતે કરતે હમ લોગ નિશ્ચિત રૂપસે શાસ્ત્રો કા અભિપ્રાય હદયજ્ઞ કરકે આત્મ કલ્યાણ પ્રાપ્ત કર સકતે હૈ. સભી કો ઈસી કે લીયે નિત્ય નિરંતર પ્રયાશશીલ રહના ચાહીયે.

**<u>પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી આત્માનંદ ગીરીજી મહારાજશ્રી</u>**

પ્રિય બંધુઓ,

બડેહી સુંદર શબ્દોશે આપ પરમ આદરણીય પરમ શ્રધ્ધેય બ્રહ્મલીન સ્વામી અખંડાનંદજી કે પુણ્યતીથી કે ઉપલક્ષ મેં શ્રધ્ધાંજલી શ્રવણ કર રહે થે. સબ કે વચન. આજ કા વિષય જૈસે બતાયા ગુરુભક્તિ. હમારે યહા ગુરુ કિસકો માનતે હૈ ? ગુરુ શબ્દ મેં દો અક્ષર હૈ. “ગુ” કા અર્થ હૈ અજ્ઞાન અંધકાર. ઔર ‘રૂ’ કા અર્થ હૈ પ્રકાશ. એ અંધકાર કીસ ચીજકા હૈ ? અજ્ઞાન કા અનેક પૂર્વ જન્મ જન્માંતરો સે ચલે આ રહે અજ્ઞાનરૂપી અંધકાર કો અપને જ્ઞાનરૂપી પ્રકાશ કે દ્વારા દૂર કરે ઉસકો ગુરુ બોલતે હૈ, સદ્‌ગુરુ બોલતે હૈ, વો ગુરુ અખંડાનંદજી મહારાજ થૈ. ઐસે સંત મહાપુરુષ કા દર્શન બડા દુર્લભ હોતા હૈ, ભગવાન ભાસ્યકાર કહતે હૈ. ઐસે મહાપુરુષો કા સંગ જીવન મુક્તિ કા આનંદ દેનેવાલા હોતા હૈ.

**''સત્સંગત્વે નિઃસંગત્વં.......''**

જીવન મુક્તિ કા આનંદ મહાપુરુષો સે મિલતા હૈ, ભગીરથજી મહારાજને જબ ગંગા કો પ્રગટ કીયા તો માં ભગવતી ગંગા કહને લગી હૈ ભગીરથ ! તુ મુજે પ્રગટતો કર રહા હૈ પરંતુ જાનતા હૈ કલીકાલ કે સમય મેં લોગ મુજે મલીન કર દેંગે ગંદા કર દેંગે. તો ભગીરથ કહને લગે, માં ! તુ ચિંતા મતકર. યે કલીકાલ

કે પ્રાણી તુ જે કીતના ભી ગંદા કરદે પર એસે મહાપુરુષ જબ ચરણ ડાલેંગે તો ફિરસે તું પાવન પવિત્ર હો જાયેંગી. યે મહાપુરુષો કા પ્રભાવ હોતા હૈ. હમારે યહા શાસ્ત્રો મેં કહીં હૈ ગંગા પાપ કો દૂર કરતી હૈ ચંદ્રમા રાત્રી મેં હોતે હી ઠંડા હો જાતા હૈ ચંદ્રમા તાપ કો દૂર કરતા હૈ, કલ્પ વૃક્ષ જો દેવલોક મેં હૈ વો આપકી દિનતા. ગરીબી કો દૂર કર સકતા હૈ. પર યે તીનો એક એક હી દૂર કર સકતે હૈ પર અખંડાનંદજી જૈસે મહાપુરુષ જબ આતે હૈ તો એક સાથ ઘટના ઘટ જાતી હૈ. ઐસે મહાપુરુષ જો સદ્‌ગુરુ હોતે હૈ ઉસકો હમ પરમાત્મા સે ભી બઢકર માનતે હૈ ગુરુ કો ઈશ્વર સે ઉપર કહા ગયા હૈ કબીરજીને કહીં હૈ **'ગુરુ ગોવિંદ દોનો ખડે....'** કયોંકિ જીવ ઔર પરમાત્મા કે બીચ મેં જો અજ્ઞાનરૂપી પરદા હૈ જો અવિદ્યારૂપી પરદા હૈ જો અધ્યાસરૂપી પરદા હૈ ઉસકો દૂર કરને કા કાર્ય કેવલ ગુરુ હી કર સકતે હૈ ઈસ લીયે ઐસે હી મહાપુરુષો કી આવશ્યકતા હૈ દુનિયા મેં સભી લોગ આતે હૈ ભગવાન કૃષ્ણ તો કહતે હૈ કી યે દેહ ન જાને કીતની બાર, આવે કીતની બાર જાવે **'દેહિનોસ્મિન્ યથા.....'** લેકીન મહાપુરુષ કભી ગભરાતે નહી. મહાપુરુષ યદી આતે હૈ તો કૃપા કરને કે લીયે, કરૂણા કરને કે લીયે. મહાપુરુષોકા શરીર અપને લીયે નહી હોતા, દેખો નહી કભી અપના પાની સ્વયં નહી પીતી, વૃક્ષ કભી અપના ફલ સ્વયં નહી ખાતે, બાદલ કભી અપને લીયે નહી બરસે ઐસે હી મહાપુરુષ કભી અપને લીયે નહી જીતે સમાજ કે લીયે જીતે હૈ.

ઈતના કહતે હી પરમશ્રદ્ધેય બ્રહ્મલીન સ્વામીજી મહારાજ કે ચરણો મેં ભાવ શ્રદ્ધાંજલી અર્પણ કરતે હુએ અપની વાણી કો વિરામ દેતે હૈ.

## પ.પૂ.નિરંજન પીઠાધિશ્વર આચાર્ય મહામંડલેશ્વર સ્વામીશ્રી પુણ્યાનંદ ગીરીજી મહારાજશ્રી

મિટ્ટી કે ઘડે મેં પહલે સે કહી કા પાની ભરા હુઆ હો તો નર્મદા મેં ડુબોને પર ભી ઉસમેં નર્મદા કા જલ નહી આતા. કયોં કી પહલે ભરા પડા હૈ, ઈસી લીયે ગંગાજલ અથવા નર્મદા કે પવિત્ર જલ કો ભરના હો તો ઉસ ઘડે કો પહલે ઉલટા કરકે પુરાને જલ કો નીકલના હોતા હૈ ઠીક ઈસી પ્રકાર પૂરે સાલ ભર હમ અપને મસ્તીષ્ક રૂપી ઈસ ઘડે કે અંદર કયાં કયાં ભાવના ભર કરકે રખતે હે. સાલમેં એક દીન ઐસા આના ચાહીએ જો સદ્‌ગુરુજી કે સન્નિધી મેં આ કરકે નતમસ્તક શીર ઝૂંકા કે પ્રણામ કરો. યે નતમસ્તક હોને કા મતલબ હૈ હમારે અંદર કે જીતને ભી પૂર્વગ્રંથીયા હૈ વો નીકલ કે બહાર ચલી જાયે, જબ ઊઠો, (મસ્તીષ્ક રૂપી) ખાલી ઘડે કે અંદર ગંગાજલ ભરના ચાહીએ નાલે કા પાની નહીં ભરના ચાહીએ, ગુરુજી કે ચરણો મેં શીર ઝૂકાયા. સબકુછ સમાપ્ત હો ગયા. ઈસકે બાદ ઉઠતે ઉઠતે મંગલ વહ ગુરુજી કા ધ્યાન કીજીએ. ગુરુજી મેં સૌંદર્ય નહી દેખા જાતા હૈ, ગુરુ મેં મોહકતા નહી દેખી જાતી હૈ, ગુરુ મેં પવિત્રતા દેખી જાતી હૈ, ગાય કા ગોબર દેખને મેં સુંદર નહી લગેગા લેકીન શરીરમેં લગાઓગે તો આપકે અંદર કે અનન્ત પાપો કા ક્ષય કર સકતા હૈ, ગુરુજી કા શરીર વૃધ્ધ કયોં ન હો, ગુરુજી કા ચરણ ઉસમેં શ્રદ્ધા પૂર્વક નતમસ્તક હો કે પ્રણામ કરતે હૈ તો ઉસકે અંદર એક દિવ્ય પવિત્રતા જો આપકે હૃદય કે અંદર ભર જાતા હૈ. પૂરે સાલ ભર કે લીયે આપકે જીવન કો દિવ્ય બનાને મેં મદદ કરતા હૈ. અગલે વર્ષ ફીર આઈએ ફીર નતમસ્તક હોઈએ ઔર વિશુદ્ધ ભાવ સે અપને હૃદય કો ભર કરકે યહીં સે ખુશી ખુશી આપ લોગ જાઈએ. બહુત જયાદા દેર મેં ગુરુભક્તિ પર બોલતા રહું તો આપ કે અંદર કી દુસરી ભક્તિ ખલબલાને લગેગી. હમારે સ્વામી જગદીશાનંદ સાગરજી મહારાજ જો બોલેંગે આપ નતમસ્તક હો કરકે અપને અપને મસ્તીષ્ક કો ખાલી કીયા વહીં વિશુદ્ધ શ્રદ્ધા. ભક્તિ સ્વામીજી મહારાજ ભરેંગેં હમ લોગ સબ કૃતાર્થ હો જાયેંગે.

હરિ ૐ તત્સત્....

## પ.પૂ.માધવપીઠાધીશ્વર સભા અધ્યક્ષશ્રી સ્વામીજી મહારાજશ્રી

પ્રિય સજ્જનો,

મહા પુરુષોના મુખારવિંદથી આપણે જયારે અમૃતપાન કરી રહ્યા છીએ જે પોત પોતાના હૃદયની અંદરથી ગુરુ પ્રત્યેની જે ભાવના, શ્રદ્ધાંજલી એ આપણે શ્રવણ કરી રહ્યા છીએ. તો બોલવું સરળ છે. અને પાળવું કઠીન છે. તો જે ગુરુ મહારાજશ્રીએ આપણને જીવનની અંદર કલ્યાણના ભાગીદાર થવા માટે જે જ્ઞાન આપ્યું છે એ જ જ્ઞાનને જ આપણા જીવનમાં ઉતારી આપણા જીવનનું કલ્યાણ કરીએ એ જ સાચી શ્રદ્ધાંજલી...

ૐ પૂર્ણ મદઃ પૂર્ણ મિદં....

**सत्संगश्च विवेकश्च निर्मलनयन व्दयम् ।**
**यस्य नास्ति नरः सोन्धः कथं न स्यादमार्गकः ॥**

સત્સંગ અને વિવેક મનુષ્યમાત્ર માટે પવિત્ર નેત્ર છે. જે મનુષ્ય પાસે આ બે પવિત્ર નેત્ર નથી તે ચર્મચક્ષુ હોવા છતાં અંધ છે અને આવો અંધ મનુષ્ય ઉલ્ટા માર્ગે કેમ ન જાય ?

માતા મદાલસાને વિક્રાંત વગેરે ચાર પુત્રો હતા, પ્રથમ ત્રણ પુત્રોને આત્મજ્ઞાનનો ઉપદેશ આપીને સંસારની અસારતાનો બોધ આપીને વૈરાગ્યવાન બનાવી શ્રેયના માર્ગે વાળ્યા. જયારે ચોથા પુત્ર અલર્કને પણ આત્મસ્વરૂપનો બોધ આપીને, કર્મયોગ તરફવાળી, રાજયનો ભાર સોંપી, સ્વયં પતિ સાથે તપ કરવા તીર્થ કરવા તીર્થ ક્ષેત્રમાં જઈ વાસ કરે છે. પરંતુ જતા જતા પુત્ર અલર્કને એક વિંટી આપતા જાય છે ને કહે છે બેટા ! જયારે તારા ઉપર કોઈ પ્રકારનું દુઃખ આવી પડે ત્યારે વિંટી ખોલીને જોજે, તેમાંથી તને દુઃખથી છુટવાનો ઉપાય મળી જશે.

રાજયસત્તા મળતાની સાથે જ ધીરે ધીરે માતાનો ઉપદેશ તથા તત્ત્વજ્ઞાન ભૂલાઈ ગયું. વિષયો તથા માન-સન્માનના વમળમાં રાજા અલર્ક ફસાઈ ગયો. આ બધુ જાણીને તેમને વિષયોના મોહમાંથી છોડાવવા મોટા ભાઈ સુબાહુએ એક યુક્તિ કરી. સત્તાધારીઓને જયાં સુધી દુઃખ નથી પડતું ત્યાં સુધી તેઓની આંખ નથી ખુલતી તથા કોઈનું સાંભળતા પણ નથી. આવો વિચાર કરી સુબાહુ કાશીરાજના શરણમાં ગયો અને પોતાનો નાનો ભાઈ અલર્ક વિષયના વમળમાંથી છુટે તે પ્રમાણેની યોજના કહી. યોજના પ્રમાણે સુબાહુ અને કાશીરાજ અલર્કના રાજય ઉપર ચઢાઈ કરે છે અને દુઃખ આપે છે. ત્યારે અલર્કને માઁ મદાલસાએ આપેલી વિંટીની યાદ આવે છે. વિંટી ખોલીને જોઈ તો તેમાંથી બે શ્વોક લખેલા મળી આવ્યા.

૧.સંગઃ સર્વાત્મના ત્યાજ્યઃ,સ ચેત ત્યકતું ન શક્યતે।
સ સદ્‌ભિઃ સહ કર્તવ્યઃ, સતાં સંગો હિ ભેષજમ્ ॥
૨. કામઃ સર્વાત્મના હેયો, હાતું ચેત્ શક્યતે ન સઃ।
મુમુક્ષાં પ્રતિ સ કાર્યઃ, સૈવ તસ્યાપિ ભેષજમ્ ॥

અર્થાત કે સંસારના પદાર્થોમાં જે રાગ છે. તે સર્વથા છોડવા યોગ્ય છે. છતા જો રાગ છોડી શકતો જ ન હોય તો સત્પુરુષોમાં રાગ કરવો. સત્સંગથી વૈરાગ્ય અને વૈરાગ્યથી દુઃખ દૂર થાય છે. ઈચ્છાઓ પણ મોક્ષ વિષયક કરવી જે સર્વ સાંસારિક ઈચ્છાઓથી છોડાવશે.

આ પ્રકારનો શ્લોકાર્થ વાંચી અલર્ક, સંત દતાત્રેયજી પસો જઈ સત્સંગનો લાભ લઈ, પુનઃ વૈરાગ્યવાન થયા. હવે મારે આ રાજસત્તા નથી જોઈતી તેવો વિચાર કરી અલર્ક. મોટા ભાઈ સુબાહુ તથા કાશીરાજ પાસે જાય છે. પોતાના મનની વાત પ્રગટ કરી. ત્યારે કાશીરાજ તથા સુબાહુ કહે છે કે ભાઈ અલર્ક ! ક્ષત્રિય ધર્મ પ્રમાણે આ રાજય તમે જ સંભાળો અમારે પણ સત્તા નથી જોઈતી. ફક્ત તમે વિષયો અને માન સન્માનના વમળમાંથી મુક્ત થઈ, અનાસક્ત ભાવ ધારણ કરી, પ્રજાનું પાલન કરો એ જ અમારો ઉદેશ્ય હતો. આ માટે જ અમારે આ બધી લીલા કરવી પડી હતી. આમ કહી સુબાહુ તથા કાશીરાજ પોત પોતાના સ્થામાં ચાલ્યા ગયા.

આ પ્રકારના ઈતિહાસથી એ બોધ મળે છે કે આ લોક અને પરલોકના મોહથી છુટવાનો, સત્સંગ સિવાય બીજો કોઈ ઉપાય નથી. સંતોનો સંગ એ સર્વ પ્રકારની આધ્યાત્મિક ઉન્નતિનો પાયો છે. પાણીનું એક ટીપુ પણ જો કમળના પાંદડા પર પડયું રહે તો તે પણ ચમકતા મોતીની ઉપમા પામે છે. શોભા પામે છે. નિર્મળીના બીજના સંસર્ગથી પાણીનો મેલ દૂર થઈ જાય છે. યોગાભ્યાસથી ચિત્તની ચંચળતા દૂર થઈ જાય. છે. તેવી જ રીતે સત્‌પુરુષોના સંગ-સત્શાસ્ત્રના વાંચન થકી સાંસારિક મોહ ધીરે-ધીરે દૂર થઈ જાય છે. અવિદ્યા નષ્ટ થઈ જાય છે. દ્રશ્ય પદાર્થો જોવાથી મોહ ઉત્પન્ન થાય છે અને મોહ મૂર્તિમંત બની પદાર્થોના રૂપમાં આપણી ચારે બાજુ ગોઠવાય જાય છે. જેને આપણે સાંસારિક લાભમાની હર્ષથી ફૂલાતા રહીએ છીએ. એટલે જ અધ્યાત્મમાર્ગમાં ત્યાગનું મહત્વ છે. આ માર્ગમાં જેટલું વધુ છોડશો તેટલું વધુ પામશો. અને સાંસારિક માર્ગમાં જેટલું વધુ પકડશો તેટલું વધુ ગુમાવશો. આ પ્રકારની વિવેકાનુભૂતિ સંતોના સંગ થકી પ્રાપ્ત થશે. પરંતુ કોણ સંત અને કોણ અસંત તેની સમજણ પણ એટલી જ કઠીન છે.

વસુકી ગયેલી ગાયની જીવન ભર સેવા કરવા છતા દૂધના ટીપાનુંય દર્શન નથી થતું તેવી રીતે અસંતને સંતમાંથી જીવનભર તેની સેવા કર્યા કરશો તો પણ છેવટે ખાલીપા સિવાય હાથમાં કંઈ નહી આવે. એટલે જ આપણા સૌરાષ્ટ્રના સંતો કહી ગયા છે કે **''પાની પીજીએ છાન કે ઔર ગુરુ કિજીએ જાન કે.''**

# સુ અવસર

રમીલાબેન ગોરધનભાઈ ગાબાણી
(પીપળીયા)

॥ જય સચ્ચિદાનંદ ॥

મનુષ્ય પોતે જ પોતાને આળખતો નથી એ કેટલી મોટી ભૂલ છે. તેણે ભાષા સાહિત્ય વગેરેની જે ક્ષમતા મેળવેલી છે તેના દ્વારા શરીર અને જીવાત્મા વિષેનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. આ મનુષ્ય શરીર વારંવાર મળનાર નથી એ તો આપણને એક માત્ર સાધનરૂપે જ પ્રાપ્ત થયું છે કે જેના માધ્યમથી આપણે પ્રભુ સુધી પહોંચવાનું આપણુ પરમ લક્ષ્ય પ્રાપ્ત કરી શકીએ. પરંતુ અજ્ઞાનતાને કારણે સાંસારિક ભોગવિલાસોમાં ભટકી જઈને આપણે આવો સુ-અવસર ગુમાવી બેઠા છીએ. ધન, દોલત, સાધન, સંપત્તિ, પત્ની, પુત્ર, ભાઈઓ, મિત્રો, સગાં સંબંધીઓએ બધા આપણા કોઈ જ કામમાં આવવાના નથી. કામમાં આવશે માત્ર આપણા સત્કર્મો. આપણે એ બાબત ભુલી જઈએ છીએ કે એક દિવસ આ સંસાર છોડીને આપણે ચાલ્યા જવાનું છે જે શરીરને મોટા લાડ પ્યારથી સજાવવા અને સંભાળવા માટે આપણે સત્ય, અસત્ય, છલ, દ્વેષ, પ્રપંચ, નીતિ, અનિતિ વગેરેનો સહારો લઈએ છીએ અને ન જાણે તેથી કલ્પી ન શકાય તેવા પાપ કર્મો કરીએ છીએ તે જ શરીર એક દિવસ આગમા બળીને ભસ્મીભૂત થઈ જશે આ શરીરનો એક ક્ષણનો પણ ભરોસો નથી. આપણું બધું જ જ્ઞાન માત્ર વિજ્ઞાન પ્રતિભા, ક્ષમતા, શિક્ષણ અને વિદ્યા જેવા ભૌતિક પદાર્થોમાં જ મર્યાદિત થઈને ગુંગળાઈ રહ્યું છે. પરંતુ આ શરીરની અંદર બેઠેલા આ શરીરના સ્વામી આત્માને આપણે ભુલી બેઠા છીએ. આ આત્મા એ તો પરમાત્માનો અંશ છે. પરંતુ તેને ન જાણવાથી આપણે સદા માટે અંધકારમાં ભટકાઈને હંમેશાં દુઃખ ભોગવતા રહીએ છીએ. આત્માની ઓળખાણ થયા પછી સત્ માર્ગ પર ચાલી શકવાની બદ્ધિ જ્યારે આપણને પ્રાપ્ત થઈ જાય ત્યારે જ આપણું આ માનવજીવન સાર્થક બની શકશે. સામાન્ય રીતે બુદ્ધિના બે રૂપો હોય છે. એક દુર્બુદ્ધિ જે આપણને સ્વાર્થ, મોહ, લોભ વગેરે જેવા પાપકર્મો તરફ ખેંચી જાય છે. બીજી સદ્‌બુદ્ધિ જે આપણને હંમેશાં હિતકારી શ્રેષ્ઠ કાર્યો કરવાની પ્રેરણા આપ્યા કરે છે અને પાપકર્મોથી આપણને બચાવી લે છે એનાથી આગળ વધીને નંબર આવે છે. શુદ્ધ બુદ્ધિનો જે આપણામાં સત્કાર્યો અને અસત્ કાર્યો વચ્ચેનો ભેદ પારખવાની ક્ષમતા વિકસિત કરે છે. તેનાથી પણ આગળ નંબર છે પ્રજ્ઞાનો. આ પ્રજ્ઞા આપણને વિવેક બુદ્ધિ મુજબ લોકહિતનાં કાર્યો કરવાની સતત પ્રેરણા આપતી રહે છે. એનાથી તમોગુણનો સદંતર નાશ થતો જાય છે અને મનુષ્ય પોતાના સ્વાર્થથી છૂટતો જાય છે. પ્રજ્ઞાથી વધુ વિકાસ પામેલું આગળનું સ્તર પ્રતિભાનું છે. પ્રતિભાને આત્મિક દ્રષ્ટિ તરીકે પણ ઓળખાવી શકાય છે. આ વિલક્ષણ બૌદ્ધિક શકિતના આધાર પરથી મનુષ્ય સંસારના સૌથી વધુ ગૂઢ રહસ્યોને જાણી લે છે. બુદ્ધિના સર્વોતમ રૂપને કહેવાય છે ઋતંભરા બુદ્ધિ એમાં માત્ર સત્વગુણ જ બાકી રહેલો હોય છે. ઋતંભરા બુદ્ધિ સત્વિક બુદ્ધિ સદા માટે એકરચ બની રહે છે અને સત્યને ઓળખાવી આચરણમાં ઉતારવાની તથા સત્ય ધર્મનું પાલન કરવાની ક્ષમતા વિકસિત કરતી રહે છે. એના જ્ઞાન પ્રકાશથી પ્રત્યેક વસ્તુ બિલકુલ સ્પષ્ટ રૂપથી જોઈ શકાય છે અને ભ્રમ તથા શંકાઓથી મુકિત પ્રાપ્ત થાય છે. આજે મનુષ્ય વિવિધ પ્રકારનાં જ્ઞાન, ભાષા વગેરેનો અભ્યાસ કરીને તેનો ઉપયોગ વિવિધ ક્ષેત્રોમાં કરી રહ્યો છે. સુખ અને સગવડોના સાધનોના ઢગલા ખડકી રહ્યા છે. આજે એવી પરિસ્થિતિ પેદા કરી શકાઈ છે કે માત્ર એક બટન દબાવવાથી જ દુનિયાના કોઈ પણ ખૂણામાં બેસીને ઈચ્છિત કાર્ય કરવાનું શકય બની શક્યું છે. મનુષ્ય પોતાની આ સિદ્ધિને કારણે પોતાને પરમાત્માથી પણ મહાન સમજવાની મૂર્ખતા કરવા લાગી ગયો છે. પરંતુ શું આપણને આ માનવ શરીર તેના માટે પ્રાપ્ત થયું છે. શું એ જ આ બુદ્ધિનો ઉપયોગ છે. શું જીવનનું આ લક્ષ્ય છે. આપણે આપણી બુદ્ધિનો વિકાસ કરતા જઈને માનવજીવનના વાસ્તવિક લક્ષણને આળખીને તે તરફ આગળ ધપતા જવું જોઈએ.

# સત્સંગમાં જતા પહેલા.....

એલ. જે. સોનાણી
ચકમપર

## સત્સંગમાં જતા પહેલા કઈ કાળજી લેવી જોઈએ ? સત્સંગ દરમ્યાન શું કરવું જોઈએ ?

સત્સંગમાં જતા પહેલા હેતુની વિસ્મૃતિ ન થાય તેની કાળજી રાખવી જોઈએ મનુષ્ય સત્સંગ કરવા માટે નીકળે પણ સાથે ઘરની તેમજ વ્યવહારની ઉપાધિઓ ઊંચકતો જાય વહેલી તકે ઘરે પાછા ફરવાની ગણતરી રાખે અગાઉ જે વાતો અને સત્સંગ સાંભળ્યા હોય તેના ઉપર ચિંતન મનન ન કરે પોતાની માન્યતાઓને ન છોડે કલ્પનાઓ અને વિકલ્પોમાં વર્તમાનને ચુકી જાય તે ન ચાલે સત્સંગમાં અપેક્ષિત ભાવથી ન જવું જોઈએ સત્સંગમાં જતા પહેલા એટલું સ્પષ્ટ હોવું જોઈએ કે નામ અને શરીરનો સંગ કરવા માટે નથી જતા પણ સત્‌નો સંગ કરવા જઈએ છીએ સત્ તત્ત્વ પરમાત્માની સત્તા સાથે સંકળાયેલું છે સમગ્ર બ્રહ્માંડ પરમાત્માની સત્તાને કારણે જ ચાલી રહ્યું છે અને ટકી રહ્યું છે. મનુષ્યને મનમાં નામ અને દેહનો જબરો મોહ છે આ જગતનો સમગ્ર વ્યવહાર નામ અને શરીરથી જ ચાલે છે તેમા આત્માની જરૂર પડતી નથી તેવું માને છે સૌ મનુષ્યો તેમના નામ અને શરીરથી જ ઓળખાવે છે એટલે મનુષ્યના મનમાંથી નામનો અને શરીરનો મોહ છુટતો નથી તે સત્સંગમાં જાય છે. ત્યારે નામ અને શરીરને મુખ્ય રાખે છે અને જે સત્સંગ કરાવતા હોય તેમને પણ વ્યક્તિ ભાવથી જુએ છે જ્ઞાનીજનોએ શરીર અને નામને અસત્ કહ્યું છે કારણ કે તે સર્જન સ્થિતિ અને વિસર્જન સાથે સંકળાયેલું છે તેને કાળ બાધારૂપ બને છે તે મોહ પમાડે છે અને ભય ઉત્પન્ન કરે છે તે સમય પૂરતો જ આનંદ આપે છે અને પછી શોકાતૂર બનાવે છે તેમાં દ્વન્દ્વનું દર્શન થાય છે એટલે નામ રૂપનો સંગ કરવાનો નહિ પણ નામ રૂપ જેના આધારે છે તે સત્‌નો સંગ કરવાનો છે. સત્સંગમાં જનારને નામ અને દેહ બાધારૂપ બને છે તેને કારણે સત્સંગનો હેતુ માર્યો જાય છે. કેટલાક લોકો બીજા મનુષ્યોની ઓળખાણ કરવા અને પરિચયનો લાભ ઉઠાવવા સત્સંગમાં જતાં હોય છે સત્સંગને ક્યારેય વ્યવહાર કે વેપારનું સાધન બનાવાય નહીં વળી સત્સંગ સાંભળ્યા પછી બીજાને કહેવા માટે નથી કે હું સત્સંગમાં ગયો હતો સત્સંગ જીવનને યથાતથ પામવાની એક પ્રક્રિયા છે સત્સંગ કરનાર કે કરાવનાર પોતાના નામ રૂપને વળગે તો ઉપાધિ અશાંતિ, અસંતોષ અને ચંચળતા અનુભવાય છે આ બધાયને દૂર કરવા માટે સત્સંગ કરવાનો છે. એટલે જ સત્સંગના હેતુને સમજી લેવો જરૂરી છે. જો સત્સંગનો હેતુ સમજાય તો સત્સંગ પ્રત્યે જાગૃતિ રહે છે. ભગવત્ પ્રાપ્તિ માટે જ્ઞાન ભક્તિ વૈરાગ્ય ધર્મ યોગ જપ તપ સંત સમાગમ ભગવત્ કથા વ્રત ઉપવાસ અનુષ્ઠાન તીર્થયાત્રા જેવા અનેક સાધનો દર્શાવાયાં છે તેમાં સત્સંગ રૂપી સાધનને શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે કારણ કે અન્ય તમામ સાધનોમાં અસત્ એવા નામ રૂપ કેન્દ્રમાં રાખીને જ બધું થાય છે અને સત્સંગ સિવાયના અન્ય કોઈપણ સાધનનો ઉપયોગ કરે તો નામ રૂપથી છૂટા પડી શકાતું નથી. આમેય સાધનને મહત્ત્વ આપીને જે કોઈ ક્રિયા થાય છે તે સત્‌નો સંગ કરવામાં અવરોધક બને છે. અસત્‌ને સાધન તરીકે રાખી સત્‌નો સંગ થઈ શકે નહીં કારણ કે અસત્ સત્‌નું સજાતિ નથી સંગ હંમેશા સજાતિનો થઈ શકે શરીર ચોવીસ તત્ત્વોનું બંધારણીય માળખું છે. મકાન અને મકાનમાં રહેનારો એક નથી શરીર રૂપી મકાનને અવસ્થાવો લાગે છે. બાળક, કિશોર, યુવાન, આધેડ અને વૃદ્ધ અવસ્થાઓ આત્મા સાથે નહિ પણ શરીર સાથે સંબંધિત છે શરીરને રોગ લાગે છે, અકસ્માત થાય છે છતા આત્મા શરીર સાથે એકરૂપ પણે વર્તતો હોવાથી તે શરીરને જે કાંઈ થાય તે પોતાના પર આરોપિત કરે છે. સત્સંગમાં જનારે સૌ પ્રથમ એ વિચારવું જોઈએ કે પોતે જ્યાં સત્સંગ કરવા જાય છે ત્યાં નામ રૂપનું મહત્વ છે કે પરમાત્માનું પરસ્પર વાતો થતી હોય તેમાં નામરૂપ કેન્દ્રમાં રહે છે કે પરમાત્મા આ બધુ સત્સંગમાં જતાં પહેલા વિચારી લેવું જોઈએ વિચાર્યા વિનાનો સંગ કરે તો પોતે સત્‌રૂપ છે એવો નિશ્ચય ન થાય વાત કરનાર અને વાત સાંભળનાર બંનેમાં પરમાત્મા હાજર છે. એવા વિચાર સાથે સત્સંગમાં જવું જોઈએ. આવી સમજણ સહિત સત્સંગમાં જઈએ તો સત્સંગ ફળરૂપ બને. સત્સંગમાં આવનારે સત્સંગમાં જે વાતો થતી હોય તે વાતોને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ જે વાત ન સમજાય તેનો ખુલાસો મેળવવા વાતને અંતે પ્રશ્ન પૂછવો જોઈએ. સત્સંગમાં કોણ આવ્યું છે અને કોણ નથી આવ્યું તેના પર ધ્યાન ન આપવું જોઈએ. સત્સંગમાં બેઠા પછી કોઈ સાથે વાત ન કરવી જોઈએ. વાતો કરવાથી સત્સંગનો હેતુ માર્યો જાય છે. નામ રૂપ ભૂલાતા નથી. સત્સંગમાં જે વાતો સાંભળવા મળે તેની કોઈ સાથે સરખામણી ન કરવી જોઈએ સત્સંગમાં જનારાએ શાસ્ત્રો કે ગ્રંથો સાંભળ્યા કે વાંચ્યા પછી માન્યતા રૂપી ગ્રંથિઓ બંધાણી હોય તે બાજુ પર મુકી દઈને સત્સંગ સાંભળવો જોઈએ

સત્સંગમાં જનારે અભ્યાસની રીતે સત્સંગ કરવો જોઈએ. હોંશિયાર વિદ્યાર્થી અભ્યાસમાં જેટલી કાળજી રાખે તેના કરતા ઘણી વિશેષ કાળજી સત્સંગ કરનારે રાખવી જોઈએ પોતે મુલ્યવાન સમય આપી રહ્યો છે તેમ વિચારી સમય માટે પૂરી જાગૃતિ રાખવી જોઈએ. અભ્યાસ પૂર્ણ સત્સંગ કરનારો સત્સંગમાં ગયા પછી પુરી કાળજી રાખે તો સામાજિક વ્યાવહારિક, ધંધાકીય કે નોકરીના આકસ્મિક પ્રસંગો આવે તો પણ તેમાં સફળતા પૂર્વક પાર ઉતરી જાય છે તેને આઘાત પ્રત્યાઘાત સ્પર્શ કરતા નથી આમ સત્સંગ દરમ્યાન જો જાગૃતિ ન રહે તો સત્સંગ ફળરૂપ બનતો નથી. સર્વોને મારા જય સચ્ચિદાનંદ

અને સત્સંગમાં કે કથામાં આવે તેને મોબાઈલ બંધ રાખવો અથવા સાયલન્ટ રાખવો જોઈએ.

## ''અધિકસ્ય અધિક ફલં''

વસનબેન ભગવાનભાઈ ભરોડિયા
(પાલડી)

દેવોને પણ પ્રિય એવા અધિકમાસનો પ્રારંભ ૧૭મી જુનથી થઈ રહ્યો છે. જ્યાતિષશાસ્ત્ર મુજબ અધિકમાસ સામાન્ય રીતે દર ત્રણ વર્ષે અથવા બત્રીસમાસ પછી એક માસ અધિકમાસ તરીકે જાણીતો છે. અધિકમાસને 'મલમાસ' પણ કહે છે. મલમાસમાં લગ્ન, જનોઈ કે શુભ પ્રસંગો થઈ શકતા નથી. પરંતુ દરેક નદીમાં સ્નાન, દાન, જપ, આરાધના, શાસ્ત્રોનું વાંચન તથા શ્રવણ કરવું જોઈએ. દૈનિક જીવનને ધર્મમય બનાવવાનો આ શ્રેષ્ઠ માસ છે. અધિકમાસમાં કરેલા દાન-પુણ્યનું ફળ પણ અધિક મળે છે. ૧૯૮૫ થી ૨૦૧૨ સુધીમાં ૧૧ વખત અધિકમાસ આવી ગયા છે. ૨૦૧૫ની સાલમાં આ ૧૨ મો અધિકમાસ છે.

પુરુષોત્તમ માસમાં આવતી 'પદ્મીની' તથા પરમા એકાદશી અને કૃષ્ણા એકાદશીનું પણ મહત્વ છે જે લોકો આખો માસ વ્રત કે એકટાણાં ન કરી શકે તે માત્ર એકાદશી, પૂનમ, અમાસ તથા આઠમના દિવસે પણ જો વ્રત - નિયમો રાખે તો પણ લાભ છે. આ માસની બન્ને એકાદશી જો શ્રધ્ધાપૂર્વક કરવામાં આવે તો ભગવાન પુરુષોત્તમની કૃપા ઉતરે છે. અધિકમાસના વ્રતને લીધે ચિત્તશુદ્ધિ અને અંતરશુદ્ધિ થાય છે. અનુપમ આરાધનાથી ઈશ્વરાભિમુખ થવાય છે. આ માસમાં આળશવૃતિ, વ્યસનો, ખોટુ બોલવું, વ્યભિચાર, ચોરી-કપટ આ બધું ત્યાજય અને વજર્ય ગણાય છે. માત્ર કથા શ્રવણ, કીર્તન અને સહપ્રવૃતિમાં વ્યસ્ત રહેવું જોઈએ.

અધિકમાસનો કોઈ સ્વામી નથી અને સૂર્યનારાયણે પણ તેનો સ્વીકાર કરેલ નથી. વળી આ માસમાં શુભ કાર્યો થતાં ન હોવાથી અધિકમાસ દુઃખી અને ત્રસ્ત છે તેથી તે પુરુષોતમ પ્રભુ પાસે જઈને આજીજી કરે છે. 'પ્રભુ મને બચાવો, કૃપા કરો'. આ સાંભળી પ્રભુને દયા આવી અને અધિકમાસને પોતાનું નામ આપ્યું તેથી તેને 'પુરુષોત્તમ માસ' કહે છે.

ધાર્મિક અને સામાજીક બંને રીતે અધિકમાસનો મહિમા અધિક છે. સત્સંગ, સહગ્રંથોનું વાંચન, પૂજા, સેવા, અર્ચના, નદી-સ્નાન, જપ, દાન-દક્ષિણા તથા વન ભોજન તથા બ્રાહ્મણોને ભોજન કરાવવું. અન્ન-વસ્ત્રોનું દાન કરવું અને પુરુષોત્તમજીના મંદીરમાં પ્રદક્ષિણા કરવી વગેરે પણ મુખ્ય છે. પ્રભુને વિવિધ ભોગ, મિઠાઈઓ, શણગારનો પણ મહિમા છે. આત્મકલ્યાણનો અમુલ્ય અવસર અધિકમાસ મનાય છે.

પુરુષોત્તમ માસનું નામ સ્વંય ભગવાનના નામ સાથે જોડાયેલું હોવાથી તેનું મહાત્મ્ય પણ અધિક છે. વિધિ વિધાન સાથે કરવામાં આવતાં ધર્મ કર્મોથી પુણ્યથી પ્રાપ્તી થાય છે. પિતૃઓની તથા દેવોની કૃપા પ્રાપ્ત કરવા માટે પુરુષોત્તમ માસમાં પાઠ-પૂજા, કથાવાંચન, સાધના તથા ઉપાસનાનું અધિક મહત્વ છે.

પુરુષોત્તમ માસમાં ઘીનું દાન, અન્નિદાન, વસ્ત્રદાન, દીપદાન, ચણાની દાળ, ખારેક, અષ્ટગંધ, કેસર, શંખ, મોતી વગેરેના દાનનો મહિમા અનોખો છે. ગાયોને ઘાસ-પાણી પક્ષીઓને ચણ પણ નાખી શકાય છે. આ ઉપરાંત મલમાસમાં ભગવાન વિષ્ણુનુ સ્મરણ, જપ તથા પૂજા પણ અધિક લાભ અપાવે છે. વિષ્ણુપુરાણનું વાંચન કરીને સત, ચિત અને આનંદની પ્રાપ્તી થઈ શકે છે. પ્રાણીમાત્ર સાથે સદ્વ્યવહાર કરીને માનોનિગૃહ સાથે કથા શ્રવણ કરવાથી પુણ્યોનો ઉદય અને પાપોનો ક્ષય થાય છે. એકાદશીનું વ્રત કરવાથી વૈભવ, કીર્તિ અને મનોકામનાની પ્રાપ્તિ થાય છે. પુરૂષોત્તમ માસ દેવોને પણ પ્રિય છે. તેથી અધિકમાસની કથા, દેવપૂજન, વિષ્ણુપૂજન કરીને આરાધનામાં લિન થવું જોઈએ.

અંતમાં પુરુષોત્તમ સ્વામીની કૃપા મેળવવા, લાભ અને શુભની પ્રાપ્તી કરવા અધિકમાસમાં આરાધના, ઉપાસના કરવાથી ઉત્તમ ફળની પ્રાપ્તી થાય છે. પૂર્ણ પુરુષોત્તમ શ્રી કૃષ્ણ અને વિષ્ણુ ભગવાનની જય !

॥ ૐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ ॥ ॥ ૐ શ્રી માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥







# આમંત્રણ પત્રિકા

## ચાતુર્માસ તથા ગુરૂ પૂર્ણિમા મહોત્સવ – વસ્તડી

સ્વસ્તિ શ્રી ગામ ____________ મહાશુભ સ્થાને શ્રી સ્વામીજી મહારાજશ્રીના ચરણો પાસક સેવક

પ્રિય ધર્માનુરાગી શ્રી, ______________________________

શ્રી ગામ વસ્તડીથી લી. સ્વામીજી મહારાજશ્રીના ચરણો પાસક સેવક સમસ્તના ઘણા હેતથી જય સચ્ચિદાનંદ વાંચશોજી...
અનંત કોટી બ્રહ્માંડ નાયક શ્રી સચ્ચિદાનંદ ભગવાનની અસીમ કૃપાથી તથા પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય **શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ** શ્રી ની અમીદ્રષ્ટિથી તેમજ પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સચ્ચિદાનંદ સ્વરૂપ **શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજશ્રી**ની કૃપાથી તેમજ પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સચ્ચિદાનંદ સ્વરૂપ **શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રી**ના આશીર્વાદથી
આ વર્ષે પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય
**શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય** શ્રીનું ચાતુર્માસ પરમ પૂજ્ય સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીની પવિત્ર જન્મભૂમિ વસતડી મુકામે સવંત ૨૦૭૧ અષાઢ સુદ પૂનમ (ગુરૂપૂર્ણિમા) તા. ૩૧-૭-૨૦૧૫ થી ભાદરવા સુદ પૂનમ તા. ૨૮-૯-૨૦૧૫ સુધી રાખેલ છે. તેમજ પરમ પૂજ્ય **શ્રીમાધવ પીઠાધિશ્વર સ્વામીજી મહારાજ** શ્રીની અધ્યક્ષતામાં **તા. ૩૧-૭-૨૦૧૫ ને શુક્રવારના રોજ ગુરૂપૂર્ણિમા** (વ્યાસપૂર્ણિમા) મહોત્સવ વસ્તડી ગામમાં ધામધુમથી ઉજવવામાં આવશે. તો પૂજન, અર્ચન, શ્રવણ કરવાનો અમુલ્ય લાભ લેવા
સર્વે સેવક ભાઈ-બહેનોને પધારવા હાર્દિક આમંત્રણ છે.

### ગુરૂ પૂર્ણિમા મહોત્સવ કાર્યક્રમ

| | |
|---|---|
| ૧. પ્રભાતિયા | ૫:૩૦ થી ૬:૦૦ |
| ૨. શ્રી ગુરૂગીતાનો નાનો મોટો પાઠ | ૬:૦૦ થી ૭:૩૦ |
| ૩. ચા-પાણી નાસ્તો | ૭:૩૦ થી ૮:૩૦ |
| ૪. શ્રી સદ્‌ગુરૂ પૂજનવિધિ | ૮:૩૦ થી ૯:૩૦ |
| ૫. સંતોના આશીવર્ચન | ૯:૩૦ થી ૧૧:૩૦ |
| ૬. મહાપ્રસાદ | ૧૧:૩૦ |

### ચાતુર્માસ દરમ્યાન સત્સંગ કાર્યક્રમ

– સવારે : ૬ કલાકે શ્રી ગુરૂગીતાનો પાઠ
– બપોરે : ૩:૩૦ થી ૪:૦૦ ભજન કીર્તન
– સાંજે : ૪:૦૦ થી ૫:૩૦ પ્રવચન – આરતી
– રાત્રે : ૮:૩૦ થી ૧૦:૦૦ પ્રાર્થના – પ્રવચન

### ખાસ નોંધ

ગુરૂ પૂર્ણિમા મહોત્સવમાં આવનાર સેવક ભાઈ-બહેનોને અગાઉથી પત્ર વ્યવહાર કરવો અથવા ફોન દ્વારા નામ નોંધાવવા નમ્ર વિનંતી. જેથી કરીને વ્યવસ્થા સારી થઈ શકે. ચાતુર્માસ દરમિયાન રોકાણ કરવા ઈચ્છા ધરાવતા સેવક ભાઈ-બહેનોએ ટેલીફોનથી જાણ કરવી જેથી તેઓને રહેવાની યોગ્ય વ્યવસ્થા થઈ શકે.

### નિમંત્રક

સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
વસ્તડી

### સ્થળ


શ્રી માધવાનંદ આશ્રમ
બગોદરા-રાજકોટ, હાઈવે રોડ,
મુ. વસ્તડી, વાયા-વઢવાણ, જિ. સુરેન્દ્રનગર

### સંપર્ક સુત્ર

| | |
|---|---|
| ગોહિલ અજીતભાઈ | ૯૮૨૫૫ ૯૦૨૮૦ |
| ગોહિલ દાદુભાઈ | ૯૯૭૯૪ ૪૪૧૯૯ |
| ચૌહાણ પ્રભુભાઈ | ૯૯૦૯૧ ૨૫૪૮૮ |
| ગોહિલ મોબુભાઈ | ૯૮૭૯૩ ૭૨૫૨૨ |
| ગોહિલ છગનભાઈ | ૯૯૦૯૧ ૭૪૪૩૩ |
| ગોહિલ એ. જી. | ૯૮૨૫૨ ૬૨૫૩૬ |

**નોંધ : લીંબડીથી રાજકોટ રોડ ઉપર ૨૦ કીલોમીટર હાઈવે રોડ થી ૨ કીલોમીટર અંદર વસ્તડી**

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો આ મહિનાનો કાર્યક્રમ



- તા. ૧૮-૦૭-૨૦૧૫ સુરત થી ચાણોદ
- તા. ૧૯-૦૭-૨૦૧૫ સવારે ચાણોદ થી બાકરોલ શ્રી માધવ ગુરુકુળ અને
  બાકરોલ થી બપોર પછી વામજ, તા. કડી, જી. મહેસાણા
- તા. ૨૧-૦૭-૨૦૧૫ વડાવી
- તા. ૨૨-૦૭-૨૦૧૫ વિરતા
- તા. ૨૩-૦૭-૨૦૧૫ પાટણ
- તા. ૨૪-૦૭-૨૦૧૫ સિધ્ધપુર, જનાર્દનતીર્થ સ્વામી આશ્રમ.
- તા. ૨૫-૦૭-૨૦૧૫ છઠીયારડા
- તા. ૨૬-૦૭-૨૦૧૫ મોટા ઈશનપુર
- તા. ૨૭-૦૭-૨૦૧૫ સરઢવ
- તા. ૨૮-૦૭-૨૦૧૫ શ્રી આંતરરાષ્ટ્રીય માધવાનંદ આશ્રમ, સુઘડ.
- તા. ૨૯-૦૭-૨૦૧૫ વસ્તડી ચાતુર્માસ માટે બપોરે.
- તા. ૩૧-૦૭-૨૦૧૫ ગુરુપૂર્ણિમા વસ્તડીમાં ઉજવવામાં આવશે. સર્વેભક્તોને પધારવા નમ્ર વિનંતી.
- તા. ૨૮-૦૯-૨૦૧૫ ચાતુર્માસ પૂર્ણાહુતિ.

---



**પ.પૂ. સ્વામીશ્રી ભુમાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્યનું ચાતુર્માસ સુઘડ મુકામે રાખેલ છે.**

- તા. ૩૧-૦૭-૨૦૧૫ થી તા. ૨૮-૦૯-૨૦૧૫ ચાતુર્માસ દરમ્યાન સુઘડ (ગાંધીનગર), આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમમાં કથા-પ્રવચન પરંપરા મુજબ થશે.
- સ્થળ : આંતર રાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ-નભોઈ, ઈન્દીરા બ્રીજ સેક્ટર નં.-૭, નર્મદા મેઈન કેનાલ પાસે, કોબા સર્કલ મુ. પોસ્ટ, નભોઈ, તા.જી. ગાંધીનગર-૩૮૨૪૨૪, ફોન : ૦૭૯-૨૩૨૭૬૧૫૧

# સત્સંગ સમાચાર



**પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનું ચાતુર્માસ હરિદ્વાર મુકામે રાખેલ છે.**

- તા. ૩૧-૦૭-૨૦૧૫ થી તા. ૨૮-૦૯-૨૦૧૫ ચાતુર્માસ દરમ્યાન હરિદ્વાર શ્રી માધવાનંદ આશ્રમમાં કથા-પ્રવચન પરંપરા મુજબ થશે.
- સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ-દક્ષેશ્વરોડ, કનખલ, જગજીતપુર, હરિદ્વાર.મો. ૦૯૪૧૧૫ ૧૬૮૨, ફોન : ૦૧૩૩૪ ૨૪૬૬૭૫
- નોંધ : હરિદ્વાર આવતા પહેલા ફક્ત ફોનથી જાણ કરવા વિનંતી.



**પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનું ચાતુર્માસ શ્રી માધવાનંદ આશ્રમ-ચાણોદમાં રાખેલ છે.**

- તા. ૩૧-૦૭-૨૦૧૫ થી તા. ૨૮-૦૯-૨૦૧૫ સુધી સવારે શ્રી ગુરુગીતાનો પાઠ - પ્રવચન સાંજે ભજન સત્સંગ પરંપરા પ્રમાણે થશે.
- તા. ૩૧-૦૭-૨૦૧૫ ગુરુપૂર્ણિમા મહોત્સવના શુભ પ્રસંગે ગુરૂપૂજન સત્સંગ થશે. તો સર્વે સેવક ભાઈ-બહેનોને લાભ લેવા માટે હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે.
- સ્થળ : મુ. ચાણોદ, તા. ડભોઈ, જી. વડોદરા. ફોન : ૦૨૬૬૩ ૨૩૩૩૬૨
- નોંધ : ચાણોદ આવતા પહેલા ફક્ત ફોનથી જાણ કરવા વિનંતી.



**પ.પૂ. બ્રહ્મચારીશ્રી જયાનંદજી મહારાજનો કાર્યક્રમ**

- તા. ૩૧-૦૭-૨૦૧૫ થી તા. ૨૮-૦૯-૨૦૧૫ સુરત શહેરમાં ચાતુર્માસ થશે.
- સવારે ૬.૧૫ શ્રી ગુરુગીતાનો પાઠ
- બપોરે ૩.૩૦ થી ૪.૦૦ સુધી ભજન
- બપોરે ૪.૦૦ થી ૫.૦૦ સુધી પ્રવચન
- વિષય - શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર મહાપુરાણ
- બપોરે ૫.૦૦ થી ૫.૩૦ આરતી તથા શ્રી શિવ મહિમ્નઃ સ્તોત્ર
- રાત્રે ૮.૩૦ થી ૯.૦૦ સુધી પ્રાર્થના ભજન
- રાત્રે ૯.૦૦ થી ૧૦.૦૦ સુધી પ્રવચન
- વિષય - શ્રીમદ્ ભગવદ્ગીતા
- સ્થળ - શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર-૧, કતારગામ, સુરત. ફોન : ૦૨૬૧ ૨૫૩૪૬૧૦




**સુરત શહેરના આંગણે શ્રી માધવાનંદ આશ્રમ તાપી કિનારે અધિક અષાઢ માસ તા. ૧૭/૦૬/૨૦૧૫ થી ૧૬/૦૭/૨૦૧૫ સુધી શ્રીમદ્ભાગવત એકાદશ સ્કંધ જ્ઞાન યજ્ઞનું રસપાન કરાવતા પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય**

: સૌજન્ય :

## ૐ જેમ્સ

શ્રી બળવંતભાઈ જેરામભાઈ સોનાણી

શ્રી સંદિપભાઈ બળવંતભાઈ સોનાણી    શ્રી ભાવેશભાઈ બળવંતભાઈ સોનાણી

(ગામ ચકમપર - હાલ સુરત)

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

Printed Book




**પરમ પૂજય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય તા. ૧૪/૦૫/૨૦૧૫ થી ૧૩/૦૬/૨૦૧૫ સુધી ભારતની ચારધામ યાત્રા કરી હતી તેમાં ભક્તો એ લાભ લીધો હતો.**

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**
: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-